॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# ભાવજ્યોતિ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

- પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
  હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
  કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
  જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
  ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

- © હરિઃૐ આશ્રમ, સુરત-નડિયાદ

- 

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| દ્વિતીય | ૧૯૯૩ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૫ | ૧૦૦૦ |

- **પૃષ્ઠ :** ૨૮ + ૭૬ = ૧૦૪
- કિંમત : **રૂ. ૫/-**
- મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮
- ડિઝાઈનર : **મયૂર જાની**
  અમદાવાદ - ૩૮૦ ૦૦૭. મો. ૯૪૨૮૪૦૪૪૪૩
- **પ્રાપ્તિસ્થાન :**
  હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
  હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧
- **ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર**
  અમદાવાદ-૩૮૦ ૦૧૪, ફોન : (૦૭૯)૨૭૫૪૩૬૯૯
- **મુદ્રક :**
  **સાહિત્ય મુદ્રણાલય**
  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
  અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

## સમર્પણાંજલિ

### (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન
સદ્‌ગત રતિલાલ રંગૂનવાળાનાં
ધર્મપત્ની કમુબા,
જ્યારે જ્યારે પૂજ્ય શ્રીમોટાનાં
દર્શને આવતાં ત્યારે તેઓને
રસોડામાં જઈ રસોઈના કામમાં જોડાવા
પૂજ્ય શ્રીમોટા સૂચના આપતા હતા.
આ સૂચનાનો ભક્તિભાવે અમલ કરનાર એવાં

**શ્રી કમુબા રતિલાલ રંગૂનવાળાને**

શ્રીમોટા રચિત **'ભાવજ્યોતિ'**ની
આ ત્રીજી આવૃત્તિ સમર્પિત કરતાં
અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૧-૨૦૦૫
(મકરસંક્રાંતિ)

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સમર્પણાંજલિ (ત્રીજી આવૃત્તિ) | ૩ |
| ૨. | સમર્પણાંજલિ (પ્રથમ આવૃત્તિ) | ૫ |
| ૩. | લેખકના બે બોલ (પ્રથમ આવૃત્તિ) | ૬ |
| ૪. | સંપાદકના બે બોલ (પ્રથમ આવૃત્તિ) | ૧૩ |
| ૫. | પ્રકાશકના બે બોલ (પ્રથમ આવૃત્તિ) | ૧૬ |
| ૬. | નિવેદન (પ્રથમ આવૃત્તિ) | ૧૮ |
| ૭. | ‘શ્રી હરિકીર્તનનો પ્રસાદ’ (બીજી આવૃત્તિ) | ૨૦ |
| ૮. | અમારે કહેવાનું કે- (બીજી આવૃત્તિ) | ૨૩ |
| ૯. | નિવેદન (બીજી આવૃત્તિ) | ૨૫ |
| ૧૦. | નિવેદન (ત્રીજી આવૃત્તિ) | ૨૬ |

• • •

| | | |
|---|---|---|
| ખંડ ૧ | પ્રારંભ | ૧-૭ |
| ખંડ ૨ | નામસ્મરણ | ૮-૧૬ |
| ખંડ ૩ | हरिभाव | ૧૭-૩૧ |
| ખંડ ૪ | कर्मयज्ञ | ૩૨-૩૮ |
| ખંડ ૫ | કૃપાબળ | ૩૯-૪૬ |
| ખંડ ૬ | हरिभक्ति | ૪૭-૬૦ |
| ખંડ ૭ | તપશ્ચર્યા | ૬૧-૭૪ |
| | આરતી | ૭૫ |
| | પુસ્તકોની યાદી | ૭૬ |

॥ હરિઃૐ ॥

## શ્રી રમાકાંતભાઈ જોષીને

## સપ્રેમ સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

*(અનુષ્ટુપ)*

શાં કેટકેટલાં વર્ષોથી સંબંધ થયો હતો !
એકબીજાની સંગાથે જીવતો કાળથી થયો. ૧

તમે સદ્‌ગુરુ માનેલા, મેં તો કિંતુ ગણેલ છે
-પાસેના મિત્રના જેવા, તે હકીકત જુદી છે. ૨

કર્મમાં ખપમાં આવ્યા શા કેટકેટલા તમે !
જહેમત ઉઠાવી જે, તે માટે શા ઋણી છીએ ! ૩

સારું કર્મ કર્યું હોય જે કેટલીક વાર તે,
પરંતુ સ્વભાવને લીધે ઊંધું શું માર્યું જાય છે ! ૪

તમે સ્વતંત્ર, ન્યારા છો, નિરાળા નિઃસ્પૃહી ખરા,
ઝાઝો કોઈની સાથે તો દિલનો મેળ ખાય ના. ૫

છતાં સંબંધ તે ભાવે જીવતો રાખવા હૃદે,
જીવતા જાગતા એવા પ્રયત્નો શા કરેલ છે ! ૬

મારી સંભાળ એ રાખે ભાઈથીયે અધિક શી !
જોઈતી ચીજની ખોટ કદીયે પડવા ન દે. ૭

જે કહું તે ખરે માની હુકમ વર્તશે હૃદે,
મારે માટે ઘણું એણે કર્યું છે સૌ જરૂરથી. ૮

હું તો આપી શકું એવો મુદ્દલે ના, નમાલ છું,
હું નમારમૂંડો માત્ર સમર્પણાંજલિ ધરું. ૯

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૨-૧૦-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

મુંબઈમાં હતો ત્યારે ભાઈ ચંદ્રકાંત મહેતાના દીવાનખાનામાં મારા ફોટાઓ સરસ રીતે મઢીને ગોઠવેલા મેં જોયા. એની નીચે સૂત્રો લખેલાં પણ મેં જોયા. સરસ રીતે મઢેલાં. એ સૂત્રો મને ગમ્યાં. રચેલાં તો મેં જ હતાં, તેમ છતાં મને ગમ્યાં. એટલે મને એમ થયું કે આ બધાં સૂત્રો હવે લખવાં. એક તો થોડાકમાં બધો સાર સમાઈ જાય અને અત્યાર સુધી બધી ચોપડીઓ લખતો હતો-ગઝલો-તેનો સાર પણ એમાં આવી જાય, કારણ કે આ બધાંનું મૂળ અંગ તો ભાવ. ભાવ જ્યાં ના હોય તેવું લખાણ મિથ્યા. ભાવ એ જ આ બધાંનો પાયો છે. એટલે ભાવના પાયા ઉપર આ બધું લખાણ લખવાનું મેં શરૂ કર્યું. એ લખાણમાંથી 'ભાવપુષ્પ', 'ભાવકણિકા', 'ભાવરેણુ' અને આ ચોથું પુસ્તક પ્રસિદ્ધ થાય છે 'ભાવજ્યોતિ', 'ભાવપુષ્પ', 'ભાવકણિકા', 'ભાવરેણુ' એ ત્રણેના છપાવવા માટે ભગવાનની કૃપાથી પૈસા મળી ગયા છે. 'ભાવજ્યોતિનું' પણ એમ જ થયું. એટલે એ પણ હવે છપાવવાનું બનશે. આજકાલ કાગળની ઘણી મોંઘવારી અને મળતા પણ નથી, પણ એ તો મળી રહેશે. આ 'ભાવજ્યોતિ' જે મેં લખ્યું છે, તે એના મૂળમાં તો ભાવ છે. જો ભાવ ના હોય તો બધું લખેલું મિથ્યા ગણાય. ભાવ જ આમાં જે તે મહત્ત્વનો ભાગ ભજવે છે અને મેં લખ્યું છે તે બધું જ ભગવાન ઉપર લખ્યું છે. ભગવાન વિના બીજું કશું લખવાનું મને સૂઝતું નથી.

એક કાળ એવો હતો કે જ્યારે મેં નવલકથા લખી હતી, પણ નવલકથા ગુમ થઈ ગઈ. એટલે આપણે સમજી લીધું કે આપણે હવે

બીજું કશું લખવાનું નથી. અને આ પણ લખવાનું બહુ જ ઓચિંતું બન્યું. મને કવિતા લખતાં પહેલાં આવડતી પણ નહિ. મારા ત્રણે ભાઈઓ, મારા મોટાભાઈ જમનાદાસભાઈ, મૂળજીભાઈ ભક્ત, સોમાભાઈ ભાવસાર બધા કવિઓ. હું એકલો જ નહિ. એટલે મને લાગે કે હું એકલો નમારમૂંડો બાકી રહ્યો. મને જ કવિતા કરતાં આવડતું નથી. કૉલેજમાં ભણતો ત્યારે પ્રયત્ન કરેલો, પણ કાંઈ ફાવી શકેલો નહિ. ત્યાર પછી તો ઘણાં વર્ષો વીતી ગયાં અને ભક્તિના માર્ગમાં ભગવાનની કૃપાથી કંઈક પ્રવેશ મળ્યો અને તે વખતે જે કંઈ ભાવના જાગી એમાંથી આ દ્વાર ખુલ્લું થયું. અને પહેલવહેલું ભજન મેં લખેલું કે 'નાથ વ્હારે આવે તો વહેલો આવજે રે' એ ગીત મેં લખ્યું. એ આમ તો સામાન્ય ગીત, ગામડિયા લોક ગાય એવું ગીત છે, પણ એ ગીત લખ્યાથી મને પોતાને સંતોષ થયો કે આવાં ગીતો લખાય તો સામાન્ય સરળ માણસો પણ સમજી શકે. એ તો જાણે કે મારા ગુરુમહારાજનો મને આદેશ હતો કે 'દીકરા, એવું લખવું કે સામાન્ય માણસ પણ સમજી શકે. તમારે પાંડિત્ય બતાવવાની જરૂર નથી.તમારી વિદ્વત્તાને તમે ભૂંસી નાખો. વિદ્વત્તાને ખોઈ નાખો. તમારામાં જે ડહાપણ છે, તે ડહાપણને જવા દો. પણ સીધું સાદું, અહંકાર વિનાનું ગામડિયા માણસો સમજી શકે એવું તમે લખો.' એ વાત મારે ગળે ઊતરી ગઈ અને એ પ્રમાણે લખવાનું મેં શરૂ કર્યું. અને આ 'ભાવજ્યોતિ'માં પણ મેં એ પ્રમાણે જ બધું લખ્યું છે. એને સાહિત્ય કોઈ કહે કે ના કહે, તેને માટે હું કશો વિચાર કરતો નથી. સાહિત્ય હોય કે ન હોય, પણ એવું એક લખાણ હોય કે જે સમાજનો ઘણો મોટો ભાગ સમજી શકે. એવું હોય તેને સાહિત્ય કહેવું કે ન કહેવું તે સાહિત્યકારો સમજે. મારા મનથી તો આ પણ સાહિત્ય જ છે. એક કાળ એવો આવશે કે જ્યારે આ પણ સાહિત્યની એક પદ્ધતિ કે લક્ષણ ગણાશે. એવો કાળ

આવે કે ન આવે, એને કોઈ સાહિત્ય ગણે કે ન ગણે, તે વિશે મારા મનમાં હું તદ્દન નિઃસ્પૃહ છું. તેમ છતાં આ રીતે લખ્યા કરું છું ખરો. તેમ છતાં તે રીતે મને વધારેમાં વધારે ફાવે છે, અનુષ્ટુપ છંદમાં અને ગઝલમાં પણ, પરંતુ અનુષ્ટુપમાં હું બહુ સરળતાથી લખી શકું છું અને લખવાનું હોય છે તે તો તૈયાર જ હોય છે. એને વિશે મારે કંઈ વિચારવાનું હોતું નથી, કે હું કશું વિચારીને લખતો પણ નથી. વિચારીને જો કંઈ લખાય તો હું તે ફાડી જ નાખું. અને એ સ્થિતિ જ અત્યારે નથી કે હું કંઈ વિચારીને લખી શકું. એટલે જ્યાં સુધી, જ્યારે એમ નક્કી થાય કે આ પુસ્તક છપાવવાના પૈસા અમુક જણ આપી દેવાના છે, એવું જ્યારે નક્કી થાય છે ત્યારે ઝડપભેર લખાઈ જાય છે. અરે, આખું પુસ્તક બે કે ત્રણ દિવસમાં હું પૂરું કરી નાખું. એવા કેટલાયે દાખલા બનેલા છે. એટલે આ 'ભાવજ્યોતિ' લખતાં મને થોડાક દિવસ થયા ખરા. એનું મૂળ કારણ તો આ. જોકે શરીરની માંદગી એ કારણ ખરું, પણ શરીરની માંદગી એ કંઈ બહુ મોટી વાત મને લાગતી ન હતી.

એક દિવસ સવારમાં અમારા સુરતના પ્રખ્યાત પ્રતિષ્ઠિત ડૉ. શ્રી આર. કે. દેસાઈ સાહેબ મને જોવા આશ્રમમાં કૃપા કરીને પધાર્યા હતા. ત્યારે જરા કંઈક વાર હતી, અને કંઈ ભૂલ હતી તે સુધારવાની હતી કે 'મોટા, આ બે ગીત તમારે બરાબર કરવાના છે.' તેમાં ફરીથી મેં એક તો લખી આપ્યું. એટલામાં એ પધાર્યા. મેં હાથ જોડ્યા, નમસ્કાર કર્યા. એ વિધિ થઈ પછી કહ્યું કે 'સાહેબ, આટલું ભજન લખવાનું બાકી છે, તે આપ રજા આપો તો લખી લઉં.' તો કહે, 'લખી લો, લખી લો.' એટલે મેં તરત જ એ બીજું ગીત લખીને પેલા ભાઈને આપી દીધું. તો મને કહે, 'મોટા, તમારું મન તો બહુ સ્વસ્થ છે અને મન તો હમણાં પેલી ગોળી કામપોઝ, બે ગોળી લો છો તેનાથી મન તમારું સ્વસ્થ ના રહે.' મેં કહ્યું કે 'રહે

કે ના રહે તે હું જાણતો નથી, પણ અત્યારેયે ૧૦ ભજન હું લખી શકું, જો મને નિમિત્ત મળે તો.' મારે કહેવાની મતલબ એ કે આ 'ભાવજ્યોતિ' આવી જ રીતે ધીરે ધીરે લખાયું અને આ શરીર ત્યારે અને અત્યારે પણ માંદલું છે. અને અત્યારે તો પહેલાં કરતાં વિશેષ માંદલું છે અને હાલીચાલી પણ શકાતું નથી, ઊઠબેસી શકાતું નથી, ચાલી શકાતું નથી, પણ સાત્ત્વિક મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ માંદાં પડ્યાં નથી, એ તૈયારીવાળાં છે અને આ 'ભાવજ્યોતિ' પૂરું થાય છે ત્યાર પછી બીજું પુસ્તક લખવાનું પણ શરૂ કર્યું છે. અને ભગવાનની કૃપાથી કોઈક હરિનો લાલ મળી જશે પૈસા આપનારો. એને છપાવવાને એ પૈસા પણ મળી જશે અને ઝપાટાબંધ પૂરું થઈ જશે.

આ મેં લખ્યું છે તે મારો લખવાનો ઉદ્દેશ વિદ્વત્તા બતાવવાનો હતો નહિ અને વળી આમાં કોઈ વિદ્વત્તા છે પણ નહિ, પરંતુ આ જ્યારે લખવાનું બન્યું ત્યારે એ લખવાની શ્રેણીને જ્યાં સુધી એની મેળે લંબાવાતી હોય ત્યાં સુધી એને લંબાવા દેવી. અને જ્યારે બંધ પડી જાય ત્યારે એને બંધ રાખી દેવી. આ રીતે એ લંબાતી રહેતી રહી અને લખાતું ગયું. શરીર માંદું હતું તોપણ લખાતું ગયું. એટલે મેં એને ચાલુ રાખી. અને ધીમે ધીમે લખાતું હતું, કારણ કે મને એ માટેના પૈસા મળ્યા ન હતા અને જે દિવસે પૈસા મળવાની વાત થઈ તો તે ને તે જ દિવસે બાકીનું બધું પૂરું કરી દીધું. એ ચોપડી પણ પૂરી કરી દીધી. એનો ઇતિહાસ આ જાતનો છે.

'ભાવજ્યોતિ'માં મુખ્ય તો ભાવને ઉદ્દેશીને, ભગવાનમાં ભગવાનનો ભાવ કેળવવાનો, ભગવાનના ભાવમાં સ્થિર થવાને માટે, એની ભક્તિનો રંગ લાગવાને માટે જે તે બધું લખાયેલું છે. અને જે લખેલું છે તે અનુભવનું છે. કોઈ કલ્પનાથી કંઈ કશું લખાયેલું નથી. એ એવી રીતે લખાયેલું છે કે જે અનુભવમાંથી નીતરેલું છે. જેમ

અનુભવી વેપારી બધી હકીકત કહે, અનુભવી વહાણવટી જેમ દરિયામાં અમુક અમુક ઠેકાણેથી અમુક રીતે આવવું, અમુક ઠેકાણે તો ખડક છે, અમુક ઠેકાણે જવાય એવું નથી વગેરે બધું જેમ પોતાના અનુભવો કહે, તેમ આવી રીતે મારા અનુભવો મૌક્તિકોમાં મેં મૂકેલા છે. જે આ બાબતના અભ્યાસી હશે, એ અભ્યાસી આ વાંચશે-પ્રેમપૂર્વક વાંચશે તો એમને જરૂર એમાં રસ પડ્યા વિના રહેશે નહિ. શ્રેયાર્થી હશે એને એમાંથી ઘણું સમજવાનું, જાણવાનું મળશે. અને સાહિત્ય રસિકોની વાત હું કરી શકતો નથી. સાહિત્ય રસિકોની આમાં ચાંચ બૂડશે કે કેમ તે ભગવાન જાણે. હું કંઈ સાહિત્ય રસિકો માટે લખતો નથી. હું તો સામાન્ય સમાજ માટે લખું છું અને સામાન્ય સમાજ આવા લખાણને આવકારશે એટલું જ નહિ પરંતુ એમાંથી જે ભગવાનના રસિયા જીવ હશે તે તો એને જરૂર આવકારશે એવી પણ મને શ્રદ્ધા છે.

આ ‘ભાવજ્યોતિ’ પુસ્તક એવા પ્રકારનું છે કે એમાં ચાર ચાર કડીઓ છે, કોકમાં છ છે. અપવાદરૂપે કોકમાં આઠ છે, પણ એક ભાવ ચાર લીટીમાં સમાઈ જાય છે. અને એ ભાવને એક જ ઠેકાણે એવી રીતે કેંદ્રિત કરેલો છે કે જેથી ભગવાનની ભાવનાનો આપણા મનમાં ઉઠાવ આવે, ઉઠાવ પ્રગટે, અને ભગવાન વિશે આપણું મન વધારે ખેંચાય, એ એનો ઉદ્દેશ છે. ભગવાન પરત્વે આપણે દોરાઈએ, ભગવાન પરત્વે આપણે ખેંચાઈએ, ભગવાન પરત્વે કે એના ચરણકમળ વિશે આપણું આકર્ષણ જીવતુંજાગતું થાય, એ આનો ઉદ્દેશ છે. એ થાય કે ન થાય તેનો પણ વાંધો નથી. કોઈ સદ્‌ભાગી જીવ હોય તેને આમાંથી લાભ મળશે તોપણ ઘણું છે. અને નહિ મળે તો ભવિષ્યમાં કોઈક જીવ-આવી જેની ભૂમિકા હશે અને એવો જીવ-આમાંથી જો વાંચીને કંઈક એને આગળ વધવાની તક પ્રાપ્ત થશે તો મારા મનથી મોટામાં મોટી એ ભગવાનની કૃપા છે.

આ 'ભાવજ્યોતિ' જે ભાઈઓ વાંચે, વિચારે અને એ અંગે ભગવાનને માટે એમના જીવનમાં જ કંઈ તૈયારી કરવી ઘટે તે કરે એવી મારી પ્રાર્થના છે.

વળી, આ જે 'ભાવજ્યોતિ' પુસ્તક છપાશે એને બધાંને વેચવાનું તો રહેશે, કારણ કે વેચાણના પૈસા કંઈ મારા ખાનગી નથી. એ બધા પૈસા સારા કામમાં વપરાય છે. અને આવી રીતે લગભગ દોઢેક લાખ રૂપિયા થયા હશે. તે નાનીસૂની રકમ નથી. એ સમાજની રકમ છે. હું એને મારી રકમ ગણતો નથી. ભલે મેં લખ્યું હોય, તેથી કંઈ મારી માલિકી થતી નથી. બુદ્ધિ તો ભગવાનની આપેલી છે, સમાજની છે. એટલે આ બધું સમાજનું છે. આ જેમ સમાજે મને આપ્યું છે, સમાજે મને પોષ્યો છે, તો આ પણ ભગવાનની કૃપાથી સમાજ લઈ લે. બહુ વધારે એની કિંમત નથી. ઘણાઓ હોટલમાં જતા હશે અને આટલા પૈસા તો લોક ખરચી નાખતા હશે. તો આ પુસ્તકો ખરીદી લઈને રાખે અને કોક દિવસ વાંચશે તો એમના મનને શાંતિ મળશે. તો મારી સમાજને વિનંતી છે કે આ બધાં પુસ્તકો સમાજ વેચાતાં લઈ લે. એ એમને ભારે પડશે નહિ. અને અમારે ઇંદુકાકાને ઘેર આ બધાં પુસ્તકોના ઢગલે ઢગલાથી આખો ઓરડો ભરાઈ ગયો છે. એટલે બધાંને મારી વિનંતી કે આ બોજામાંથી મને ઋણમુક્ત કરે અને એટલી મારા ઉપર મહેરબાની કરે. એટલી સમાજને મારી ઘણી ઘણી કાકલૂદી ભરી વિનંતી છે.

આ 'ભાવજ્યોતિ'નાં ભજનો મેં લખેલાં છે અને ભાઈ જવાહરે આ બધાં ભજનો પોતાના સારા અક્ષરે લખી આપ્યાં છે, તે માટે તેનો આભાર માનું છું. જે ભાઈઓએ આ બધાં ભજનો સાંભળ્યાં અને મને ઉત્સાહ આપ્યો તે બધા ભાઈઓનો પણ ઉપકાર માનું છું. આ બધા ભાઈઓ સંખ્યામાં થોડા છે. અને સ્વજનો એવી સ્થિતિના

છે કે એ લોકો વેચી આપી શકે એવી સ્થિતિના નથી. તોપણ બીજા બધાંને વિનંતી કરે અને આ પુસ્તક વેચી આપવામાં મદદરૂપ થાય એવી મારી વિનંતી છે. અને સમાજ આ સમજે કે આખરે આ માણસે એની આવી ઉંમરે ૮૫ લાખનાં તો કામ કર્યાં છે. હવે, એના શરીરની સ્થિતિ સારી નથી રહી તેવી વેળાએ એને મદદ કરવી, તે એની સાથેવાળાઓનો, એની સાથે લાગણી રાખવાવાળાઓનો, એને નમસ્કાર કરવાવાળાઓનો ખરેખરો ધર્મ તો હવે એ છે કે, શરીરની આવી સ્થિતિમાં, શરીરની મરવાની સ્થિતિમાં એને મદદ કરવી એ એમનો ખરેખરો ધર્મ છે. એટલે આટલી ચોપડીઓનું ઋણ સમાજ મારે માથેથી ઓછું કરી આપે તો સમાજનો હું ઘણો મોટો ઋણી થઈશ. હવે, બહુ વધારે રકમ નથી. થોડી થોડી બે બે, પાંચ પાંચ કે સાત સાત ચોપડીઓ બધાં લે તો ઝપાટાભેર ખપી જાય. તો આ સંબંધમાં સમાજ આ કામ ધ્યાનમાં લઈ માથે ઉપાડે એવી મારી એમને નમ્ર વિનંતી છે. હરિઃૐ

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**
તા. ૧૦-૯-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

ભલેને ગમે તેટલો ગાઢ અંધકાર હોય તેમ છતાં પ્રકાશનું એક નાનકડું કિરણમાત્ર અંધકારને ભેદીને પ્રકાશ પ્રસરાવે છે. તે રીતે માણસ ગમે તેટલો દુષ્ટ કે દુરાચારી હોય પણ એકવાર એનામાં ભાવનું કિરણ પ્રગટ થયું તો પછી ધીમે ધીમે એ ઊંચે આવવાનો છે એ નિઃશંક છે. સૂર્ય ઊગ્યો એટલે અંધારું નાસી જવાનું જ છે, એમ જ સારા થવાની સદ્‌ભાવના પ્રગટી એટલે નઠારાપણું આપો-આપ ભાગી જશે. આ કુદરતનો જ એક ક્રમ છે.

ઈશ્વર કદી કોઈને કહેતો નથી કે તમે સારું કરો કે ખોટું કરો. ખરી રીતે જે કંઈ કરીએ છીએ તે આપણે જ કરીએ છીએ, પરંતુ તેનું અવળું પરિણામ આવે છે ત્યારે તે ઈશ્વર ઉપર આપણે ઢોળી દઈએ છીએ. ગતાનુગતિક રીતે ચાલી આવતી આપણી આ સમજણ કેવી છે એ બાબતમાં નીચેની કડી સારો પ્રકાશ ફેંકે છે.

**'ઓઢાડે છે હરિમાથે જે જે જીવનમાં બને,**
**નર્યું અજ્ઞાન તેમાં છે, એને ના વળગે કશું;**
**કર્મનું છે પરિણામ, તેમાંથી છૂટી ના શકે**
**-કોઈયે કોઈ ઉપાયે ભાગી તેથી ન કો શકે.'** (પૃ. ૩૮)

સંસારમાં આપણાં જ કર્મનાં ફળ આપણે ભોગવતાં હોઈએ છીએ, પરંતુ પરિણામ ધાર્યું આવવાને બદલે અવળું આવે છે ત્યારે બીજા ઉપર દોષારોપણ કરીએ છીએ. અને દોષારોપણ માટે બીજું કોઈ ન મળે તો છેવટે ઈશ્વરને માથે બધું નાખી દઈએ છીએ. બાકી ઈશ્વર તો -

**'હરિ કદી ન કૂહે પોતે 'મને ભજો તમે બધાં',**
**ગરજ જો તમારી હો તો તો તમે ભજો સદા;**
**તે આવે છે કહેવા ના કે મારી પ્રાર્થના કરો,**
**તમારી દિલ-સ્વેચ્છાએ જે હો કરવું તે કરો.'** (પૃ. ૭)

આમ, પરમાત્મા પોતે સંસારને સ્વાતંત્ર્ય બક્ષે છે, પરંતુ સંસારને તે બંધાયેલો રહે છે. ભગવાનની કેવી અકળ ગતિ છે ? જેઓ ભગવાનની અકળ ગતિને પામ્યા છે તેમની વાણીનો રણકાર જ કંઈક ઑર હોય છે. તેઓ તેમની વાતો એટલી અસરકારક રીતે રજૂ કરતા હોય છે કે તે વિશે આપણે વિચાર કરવો જ પડે.

**'વગાડી ઢોલથી જોરે જગતલોકને કથું,**
**મૃત્યુ ટાણે તમો પાદે સંદેશો મૂકતો જઉં;**
**શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !**
**જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.' (પૃ. ૧૬)**

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધનાનાં જે જે સીમાંકનો કર્યાં તેમાં સ્મરણને તેઓ પાયાનું અને મહત્ત્વનું ગણે છે. ભગવાનની ભક્તિમાં સ્થિર અને દૃઢ થવા માટે આજના અરાજકતા અને અસ્થિરતાના કાળમાં માત્ર પરમાત્માનું નામ જ એક ખરું સાધન છે, જે જિજ્ઞાસુને સાચે પંથે લઈ જાય છે. આમ 'ભાવજ્યોતિ' પુસ્તકમાં ઈશ્વરનું વર્ણન કરતાં તેઓ લખે છે :-

**'સર્વોત્કૃષ્ટ હરિ કેવો જેમાં તેમાં બધાં વિશે !.**
**કોઈનીયે હરિ સાથે તુલના ના થઈ શકે,**
**શો અદ્વિતીય એવો તે કલ્પનાનીય પાર તે !**
**ભક્તિના ભાવમાં માત્ર એની ઝાંખી શી થાય છે !' (પૃ. ૩૧)**

આવો પરમાત્મા એમ ને એમ કાંઈ ઓછો મળે છે ? એને પામવા માટે તો પૂજ્ય શ્રીમોટા લખે છે તેમ -

**'જિજ્ઞાસા તે વિના જાગ્યા જીવન ખીલતું ન છે,**
**જિજ્ઞાસા જેવીતેવીથી હરિ તે મળતો ન છે;**
**જ્વાળામુખી સમી જ્યારે જિજ્ઞાસા જ્યાં ભભૂકતી,**
**ત્યારે જીવનનો થાય મેળે વિકાસ ભાવથી.' (પૃ. ૪૯)**

અને જીવનમાં જિજ્ઞાસા સ્વયં જાગતી નથી. જેઓ સતત પુરુષાર્થી અને કર્મશીલ હોય છે તેમને જીવનમાં કંઈક કરવાના અને પામવાના ઓરતા જાગે છે. સાધન વિના સાધ્ય પમાતું નથી. એથી

જ સંસારમાં કર્મને પૂજ્ય શ્રીમોટાએ મહત્ત્વનું ગણ્યું છે અને એથી જ તેઓ કર્મને બિરદાવતાં કહે છે કે :

**'શક્તિ કેળવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !**
**શક્તિ દાખવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !**
**શક્તિ પ્રેરાવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !**
**શક્તિ ઉદ્‌ભાવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !'** (પૃ. ૩૮)

આમ, જિજ્ઞાસા, કર્મ અને ભક્તિનો જ્યારે ત્રિવેણી સંગમ થાય છે ત્યારે જીવનમાં કોઈ જુદો ભાવ જાગે છે. તેને પૂજ્ય શ્રીમોટા નીચેની કડીમાં આલેખે છે -

**'સ્મરણથી ભાવ મોરી, ઊંડો અવતરે હૃદે,**
**ત્યારે ભક્તિતણી કેવી જામે ફોરમ જીવને !**
**હરિની ગોદમાં છીએ 'છત્રછાયા હરિતણી**
**-તળે'શા પૂર્ણ નિશ્ચિંત, જાગે શી એવી ભાવના !'** (પૃ. ૪૮)

પરંતુ હરિમાર્ગે જવું એમ કાંઈ સહજ અને સરળ નથી. પૂજ્ય શ્રીમોટા કહે છે કે હરિમાર્ગે જવા માટે મોટામાં મોટો શત્રુ પ્રમાદ છે અને તેનું વર્ણન તેઓ નીચે પ્રમાણે કરે છે-

**'હરિમાર્ગે જવા કાજે મોટો શત્રુ પ્રમાદ છે,**
**ગતિ થવા જતાં કેવો તે અટકાવનાર છે !**
**પ્રમાદ જ્યાં છીએ ત્યાંના ત્યાં જ સ્થિર રખાવશે,**
**જેને પ્રમાદ છે તેવા પ્રગતિ કરી ના શકે.'** (પૃ. ૬૩)

આમ, આ 'ભાવજ્યોતિ' પુસ્તકમાં જિજ્ઞાસુ વાચકને ઉચ્ચ જીવનને ગતિ આપનાર ઘણાં પ્રેરણાપ્રદ લખાણો વાંચવા મળશે. પૂજ્ય શ્રીમોટાએ મને આ પુસ્તકનો સંપાદક બનાવીને તેમનાં લખાણોના વાંચનનો જે લહાવો આપ્યો છે તે મારા જીવનમાં યાદગાર બની રહેશે. પૂજ્યશ્રીની અમારી ઉપર કૃપા ઊતરો અને તેમનાં સત્કાર્યોમાં નિમિત્ત બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.

સુરત, **ડૉ. નિરંજન આર. રંગૂનવાળા**
તા. ૧૦-૧૦-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# પ્રકાશકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્યશ્રીના પુસ્તકના પ્રકાશક બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું તે તેમની એક કૃપા જ સમજું છું. વર્ષો પહેલાંના દિવસો યાદ આવે છે. સાધુસંતોનાં દર્શને જવાનું મન થતું નહિ. એટલે ભાગ્યે જ હું કોઈનાં દર્શન કરવા જતી. અમારા કુટુંબમાંથી પણ કોઈને એમાં રસ નહિ.

પરંતુ એકવાર સાંભળ્યું કે કુરુક્ષેત્રના સ્મશાન પાસેના છાપરામાં કંતાનના પડદાથી ઓરડી બનાવી બધા મૌનમાં બેસે છે અને કોઈ ખાદીધારી સંત અવારનવાર સુરત પધારે છે. આ વાતે કેટલાય દિવસ સુધી મનનો કબજો લીધો અને ઊઠતાંબેસતાં, ખાતાંપીતાં, જાગતાંસૂતાં આ જ વાત મનમાં ઘોળાયા કરે.

એવામાં સાંભળ્યું કે આ ખાદીધારી સંત હાલમાં સુરતમાં છે. એટલે અમે તેમને મળવા ગયાં. તેમણે અમને હસતે મુખે આવકાર આપ્યો અને અમારાં નામઠામ પૂછ્યાં. એમની વાત કરવાની રીત, અમારે વિશે જાણવાની ઉત્કંઠા એટલાં સહજ હતાં કે અમે તેમની શીળી છાયામાં બેઠાં હોઈએ એવો આભાસ થયો અને પૂજ્ય શ્રીમોટા તે દિવસથી જ અમારા દિલમાં વસી ગયા.

પછી તો પૂજ્ય શ્રીમોટા જ્યારે જ્યારે સુરત આવે ત્યારે અમે એમને અચૂક મળવા જતાં. શરૂઆતમાં ખબર અંતર પૂછે અને પછી અમને જે કંઈ વાત કહેવાની હોય તે કહે. તેઓ સૌની સાથે સમરસ થઈને એવી વાત કરે કે અમને તેમના પ્રત્યે વહાલ છૂટે અને એમ થાય કે 'મોટા' અમારી સાથે વધુ વાત કરે તો કેવું સારું !

આમ, અમારો અને તેમની સાથેનો પરિચય ઉત્તરોત્તર વધતો ગયો અને ગાઢ થતો ગયો. તે એટલે સુધી કે અમે અમારા ઘરની,

વ્યવહારની કે વેપારની તમામ વાતોથી એમને વાકેફ કરતાં અને તેમની સલાહ લેતાં. ત્યારે હાલની જેમ તેમને મળવા આવનારની સંખ્યા ઝાઝી ન હતી. એટલે તેમની પાસે બેઠાં હોઈએ ત્યારે કુટુંબવત્ લાગતું. અમારાં દીકરા દીકરીઓના સગપણ પ્રસંગોમાં કે અન્ય સારામાઠા પ્રસંગોમાં પૂજ્ય શ્રીમોટાએ અમને માર્ગદર્શન આપીને જે હળવાશ આપી છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

અમારા આવા પૂજનીય મોટાના પુસ્તકના પ્રકાશક થવાનું નિમિત્ત મળ્યું તેથી મને ઘણો હર્ષ થાય છે. તેમનો સહવાસ દીર્ઘકાળ પર્યંત વધુ ને વધુ મળો તે માટે પરમાત્મા તેમને લાંબું આયુષ્ય બક્ષો એ જ પ્રાર્થના છે.

**કમુબહેન આર. રંગૂનવાળા**

શ્રી ગિરધર નિવાસ,
૧/૧૧૪૬, કાદરશાની નાળ,
નાનપરા, સુરત-૧
તા. ૧૦-૧૦-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત આ 'ભાવજ્યોતિ' પુસ્તક વાચકોના ચરણકમળે રજૂ કરતાં આનંદ થાય છે. અત્યાર સુધીમાં આ પ્રકારનાં 'ભાવકણિકા', 'ભાવપુષ્પ', 'ભાવરેણું' એમ ત્રણ પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે. તેમાં આ પુસ્તકના પ્રકાશનથી એક વધુ પુસ્તકનો ઉમેરો થાય છે.

ખીલેલાં પુષ્પોથી જેમ છોડ શોભી ઊઠે છે એમ જ મનુષ્યના જીવનમાં જ્યારે ભાવ જાગે છે ત્યારે એનું જીવન પણ શોભી ઊઠે છે. આપણને કોઈ ભાવથી બોલાવે છે તો કેટલું ગમે છે ? એવી જ રીતે ભાવથી કરેલું કામ પણ આપણને વહાલું લાગે છે ? બે અક્ષરના નાનકડા શબ્દ ભાવમાં કેટલું સામર્થ્ય છે એ તો એવું જીવન જેઓ જીવ્યા હોય તેઓ જ કહી શકે. ભગવાન પણ ભાવથી જ રાજી થાય છે. એટલે જ સંતમહંતો દરેક કાર્ય ભાવથી કરવા લોકોને સમજાવે છે, કે જેથી ભાવથી કરેલું કાર્ય ઉત્તમ થાય.

પૂજ્ય શ્રીમોટાએ તેમનો જીવનવિકાસ જે જે રીતે થયો તથા તેમની જીવનસાધના જે જે રીતે કરી તે તે કાળે જે જે ભાવે તે કર્યું તે ચાર, છ કે આઠ લીટીની કડીમાં રજૂ કરેલું છે. એટલે પ્રત્યેક લખાણ વાંચતાં તેમાં આવતા ભાવનો સાર જિજ્ઞાસુ શ્રેયાર્થીને બરાબર સમજાશે અને જેઓ તેમના જીવન અને સાધનામાં તેનો ઉપયોગ કરવા માગતા હશે તે યોગ્ય રીતે કરી શકશે એવી આશા છે.

આ પુસ્તકનું પ્રકાશનખર્ચ અજ્ઞાત રહેવા માગતા એક સજ્જને પ્રેમભાવે આપેલું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના એમના આવા ઉમળકા-ભર્યા સદ્ભાવ બદલ એમનો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

આ પુસ્તકનાં મૌક્તિકોને સુવાચ્ય અક્ષરોમાં લખવાનું કામ ચિ. ભાઈ જવાહરે પ્રેમપૂર્વક અને ઉત્સાહથી કર્યું છે, તે બદલ તેને ધન્યવાદ ઘટે છે. મૌક્તિકોના વિભાગોથી માંડીને પ્રેસમાં આપવા યોગ્ય હસ્તપ્રત તૈયાર કરવાનું કામ એક અજ્ઞાત રહેવા ઇચ્છતા આપ્તજને કર્યું છે.

પૂજ્યશ્રીનાં પુસ્તકોનાં વેચાણમાંથી ઉપાર્જન થતી રકમ લોકકલ્યાણનાં કાર્યોમાં જ વપરાય છે, તે ધ્યાનમાં લઈને પૂજ્યશ્રીનો ચાહકવર્ગ અને અન્ય ધર્મપ્રેમી મુમુક્ષુવર્ગ તેમનાં પુસ્તકો ખરીદીને અને ખરીદાવીને તેમનાં લોકકલ્યાણનાં કાર્યોમાં મદદરૂપ થશે તો તેમની મોટી સેવા કરેલી ગણાશે.

પૂજ્યશ્રીના સાહિત્યમાં રસ લઈને મે. એલેમ્બિક પ્રેસ, વડોદરાએ તેમનાં પુસ્તકો ચીવટ, ખંત અને ઉમંગથી છાપી આપવામાં જે સરળતા કરી આપી છે, તે માટે તેમના આભારી છીએ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ
તા. ૨૧-૧૨-૧૯૭૪

**નંદુભાઈ**
મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# 'શ્રીહરિકીર્તનનો પ્રસાદ'

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યપુસ્તકોમાં આ પાંચ પુસ્તકો★ અનોખાં છે. 'જીવનઅનુભવગીત' તથા એ શ્રેણીનાં પુસ્તકોમાં તેઓશ્રીએ ગઝલરૂપમાં પોતાના સાધનામય જીવનનો ઈતિહાસ વ્યક્ત કર્યો છે. જ્યારે આ પુસ્તકોમાં પોતે કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર આપ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનની સાધના દરમિયાન અનેક સાધનોનો ઉપયોગ કરેલો. એમાંથી તેઓશ્રીએ માત્ર નામસ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, સત્સંગ, સન્મુખતા વગેરે જેવાં સાધનો વિશે લખ્યું છે. એ સિવાયનાં સાધનો વિશે ઉલ્લેખ પણ કર્યો નથી. એ સાધનો વિશે ગુપ્તતા રાખવા પાછળનો હેતુ કલ્યાણકારી જ હતો, કેમ કે તેઓશ્રી પરમાત્મરૂપ પામ્યા પછી સંસારમાં સંસારી વેશે વિચર્યા તથા એ રીતે વ્યક્ત થયા. સંસારી રીતરસમમાં જીવતા લોકો પાત્રતા કેળવ્યા વિના ગૂઢ કે સૂક્ષ્મ સાધનનો જો પ્રયોગ પણ કરે તો એવી વ્યક્તિનાં અંતઃકરણોને ભારે નુકસાન પહોંચે. આ નુકસાનમાંથી ઉગારવા જ તેઓશ્રીએ એવાં સાધનો વિશે કશું પણ લખ્યું નથી, પણ જે સાધનો દર્શાવ્યાં છે એ સાધનોનો ભાવનાથી અભ્યાસ કરીને જો જીવાત્મા વિકસતો જાય તો તેને અન્ય જરૂરી સાધનોની પ્રેરણા મળ્યાં જ કરે એવી ખાતરી પણ તેઓશ્રીએ આપી છે.

આ પુસ્તકોમાં અનુષ્ટુપ છંદમાં પોતાનો અનુભવ ટૂંકમાં અને સચોટ રીતે રજૂ કર્યો છે. આ પાંચેય પુસ્તકોમાં ૪, ૬ કે ૮ લીટીમાં વ્યક્ત થયેલા અનુભવના અણસારને તેઓશ્રીએ શ્રીહરિકીર્તનના પ્રસાદરૂપે ઓળખાવ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ ખૂબ સૂચક રીતે-માર્મિક રીતે પોતાના પરમ અનુભવની હકીકત આ શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. ભગવાનની કીર્તિ ગાવી એનું નામ કીર્તન. જેણે ભગવાનનો

---

★'ભાવકણિકા', 'ભાવજ્યોતિ', 'ભાવહર્ષા', 'ભાવરેણુ' અને 'ભાવપુષ્પ'

અનુભવ કર્યો હોય અને 'પોતે' સ્વરૂપે શ્રીહરિના ગુણધર્મોને સહજ રીતે વ્યક્ત થવા દેતા હોય એવા જ કોક 'વિરલા વીર' આવું હરિકીર્તન કરી શકે. આવું હરિકીર્તન આ પુસ્તકોમાં વ્યક્ત થયું છે. 'પોતે' હરિરૂપ છે. છતાં તે પોતાના 'સ્વ' રૂપનું કીર્તન કરે છે -એ લાક્ષણિકતાનો અનુભવ આપણને-વાચકને થયા જ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકોમાં શબ્દ દ્વારા વ્યક્ત થયેલા આવા કીર્તનભાવનો પ્રસાદ આપણને સૌને વહેંચ્યો છે. પ્રસાદ એટલે આનંદ. તેઓશ્રીના હૃદયમાં પૂર્ણરૂપે પ્રગટેલ પરમાત્માના આનંદરૂપના ઊછળતા ઉદધિના અનંત જળરાશિમાંથી થતો આ માત્ર છંટકાવ છે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા આ પુસ્તકોમાં જે શબ્દો પ્રગટ થયા છે એ 'હરિવાણી' છે, કેમ કે એ મનના વિચારોમાંથી કે ચિત્તની કલ્પનાશક્તિથી વ્યક્ત થયેલા નથી, પરંતુ પોતાના હૃદયમાં પ્રગટેલા અનુભવને વ્યક્ત કરતી શબ્દરૂપ પામતી વાણી છે. એનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે આ બધી જ રચનાઓ પૂજ્ય શ્રીમોટાના શરીરના અનેક રોગોની વેદનાકારી સ્થિતિમાં વ્યક્ત થઈ છે. આટલી ભૂમિકાનો વિચાર કરવાથી આ વાણીનું મૂલ્ય આપણે સમજી શકીશું. આ પાંચેય ગ્રંથોમાંનું પ્રત્યેક પુસ્તક મનનીય-ચિંતનીય છે. માત્ર એક જ બેઠકે વાંચી જવા માટે આ પુસ્તકો નથી. એ શબ્દોના હાર્દમાં મનનચિંતવન દ્વારા પ્રવેશવાથી જિજ્ઞાસુની મતિમાં પરમાત્માનો પ્રકાશ અનુભવાય છે અને એ સાથે પૂજ્ય શ્રીમોટાના પરમાત્મરૂપ સાથે તત્ક્ષણ એકરૂપતા સધાય છે. તેઓશ્રીના દેહત્યાગ પૂર્વેનાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલી આ રચનાઓનું અનેક વખત પરિશીલન કરતાં અનુભવેલી હકીકત છે. વીસ વર્ષ પછી નવી આવૃત્તિ માટે પરામર્શ કરતાં પણ નૂતન અર્થબોધ પામી શકાયો છે.

આ પાંચેય પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ એ પૂજ્ય શ્રીમોટાના વિપુલ આધ્યાત્મિક સાહિત્યનાં પ્રકાશનોમાં નિર્માણની-સજાવટની-દૃષ્ટિએ પણ અનોખી હતી. ક્રાઉન સાઈઝમાં, હાથ બનાવટના ઊંચી ગુણવત્તાવાળા કાગળો ઉપર ખાસ પ્રકારની

સાઈઝવાળા ટાઈપમાં લીલી શાહીથી આ પુસ્તકો છપાયેલાં હતાં. દરેક પાના ઉપર માત્ર એક જ કડી હતી. આ આવૃત્તિમાં એક પાના ઉપર ત્રણ કડીઓ સમાવી છે. અને ૧૬ પેજી ક્રાઉન સાઈઝ પસંદ કરી છે. પૂજ્ય શ્રીમોટાની વાણી પડતર કરતાં પણ ઓછી કિંમતે બહોળા જનસમાજ સુધી પહોંચે એવા આશયથી પુસ્તક નિર્માણમાં આટલો ફેરફાર કર્યો છે.

બે દાયકા પછી પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના પદ્યગ્રંથોનું પુનર્મુદ્રણ આજની પેઢી માટે તો તદ્દન નવું જ બની રહેવાનું. પૂજ્ય શ્રીમોટા કહેતા હતા કે 'આ પ્રકારની ચોપડીઓનું મૂલ્ય તો હવે પછીનાં પચીસ વર્ષ પછી થશે !'

સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા આજની પેઢી માટે જે મૂલ્યવાન સામગ્રી પ્રગટ કરવાના નિમિત્ત બન્યા છે એ બદલ એમને ધન્યવાદ ઘટે છે. આ બંને યુવાન ભાઈઓની પૂજ્ય શ્રીમોટાની સેવા કરવાની તત્પરતા હું સતત અનુભવું છું. જે ઉત્સાહ, ઉમંગ અને ખંતથી મારા સદ્ગત મિત્ર વિષ્ણુભાઈ, પારમાર્થિક કામ કરતા હતા, એ જ રીતે આ બંને ભાઈઓ કામ કરી રહ્યા છે, એ જોઈને હું ગર્વ અનુભવું છું. પૂજ્ય શ્રીમોટાના કામને, પોતાના વ્યવસાયના ઘણા દબાણ વચ્ચે પણ, અગ્રતા આપવાની એમની તત્પરતામાં જ એમનો ભક્તિભાવ મેં પ્રમાણ્યો છે. પૂજ્ય શ્રીમોટાનું જન્મશતાબ્દી વર્ષ ૧૯૯૮ના સપ્ટેમ્બરથી શરૂ થશે. એ પહેલાં તેઓશ્રીનું અલૌકિક પદ્યસાહિત્ય પુનર્મુદ્રણ પામવાનું છે. એ કાર્યના શ્રીગણેશ સાહિત્ય મુદ્રણાલયના આ કાર્યથી થાય છે, એ આનંદદાયક ઘટના છે.

હરિઃૐ આશ્રમો (નડિયાદ, સુરત)ના ટ્રસ્ટીઓ પૂજ્ય શ્રીમોટાના ગ્રંથપ્રકાશનના કાર્યમાં મને સામેલ કરે છે, એ બદલ એમનો આભારી છું.

અમદાવાદ, **રમેશ મ. ભટ્ટ**

તા. ૨૧-૪-૧૯૯૩ (રામનવમી)

॥ હરિઃૐ ॥

# અમારે કહેવાનું કે-

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પાંચ પુસ્તકોની શ્રેણીનું નવા સ્વરૂપે પુનર્મુદ્રણ કરી આપવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, એ પ્રસંગે અમે કૃતજ્ઞતાની અને ધન્યતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આમ તો દર વર્ષે પૂજ્ય શ્રીમોટાનું એકાદ દળદાર પુસ્તક છાપી આપવાની પ્રવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય તરફથી છેલ્લાં વીસ વર્ષથી થાય છે. અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ, પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા ત્યારથી (૧૯૬૮) આજ સુધી પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાશક્તિનો અમને અમારા કાર્યમાં તથા એના પરિણામમાં પરિચય મળતો રહ્યો છે. સાહિત્ય મુદ્રણાલયની સ્થાપનાના આરંભનાં વર્ષોમાં જે આકરી પરિસ્થિતિ અને સંજોગોમાંથી અમારા પરિવારને તથા સાહિત્ય મુદ્રણાલયને પસાર થવાનું થયેલું એવી જ પળે અમને પૂજ્ય શ્રીમોટાનો સહારો પ્રાપ્ત થયેલો. સાહિત્ય મુદ્રણાલય દ્વારા અમારા પિતા જે અવિરત પરિશ્રમમાં, ઉદ્યમમાં રહેતા હતા તથા અમારાં સદ્‌ગત માતુશ્રી ભગવતીબહેન પણ પિતાના ખંત ઉદ્યમને વેગ આપવા-પરિવારની જવાબદારી સંભાળવા-જે અથાગ મહેનત કરતાં હતાં એનું પણ આ પળે સ્મરણ થાય છે. સદ્‌ગત ભગવતીબહેનના જીવનની કટોકટીભરી અંતિમ ક્ષણોમાં પૂજ્ય શ્રીમોટાએ જાતે વા. સા. હૉસ્પિટલમાં પધારીને એમનાં મસ્તક પાસે ગુલાબનાં ફૂલો મૂકેલાં-એ ઘટના પણ અવિસ્મરણીય છે. અમારા પરિવારનો ઉત્કર્ષ તથા અમારા વ્યવસાયનો વિકાસ એ પૂજ્ય શ્રીમોટાની પરમ કરુણાને લીધે છે, એનું અમને સ્મરણ રહ્યાં કરે છે, એ અમારા જીવનની ધન્યતા છે.

સાહિત્ય મુદ્રણાલય દ્વારા પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચ પુસ્તકોની શ્રેણીનું પ્રકાશન એ તો અમારા દ્વારા તેઓશ્રીના ચરણકમળની આ પંચપાત્ર દ્વારા થતી પૂજનવિધિનો એક પ્રકાર અમે સમજીએ છીએ. તેઓશ્રીએ પ્રત્યક્ષ રીતે અમારા વ્યવસાયના વિકાસમાં જે રસ લીધેલો તથા આજે પણ તેઓશ્રી ચેતનરૂપે અમારા કાર્યમાં પ્રેરણા આપે છે. એમના પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાની આ તો એક પ્રતીકાત્મક પુષ્પાંજલિ છે.

પાંચ વર્ષ પછી પૂજ્ય શ્રીમોટાની જન્મશતાબ્દીનું વર્ષ આવી રહ્યું છે. આ પહેલાં પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનને વ્યક્ત કરતાં પદ્યપુસ્તકોનું પ્રકાશન થઈ જાય એવી ભાવના મુ. રમેશભાઈએ અમારી સમક્ષ વ્યક્ત કરી અને આ શ્રેણીનાં પાંચ પુસ્તકોથી એનો આરંભ થાય એવું સૂચન કર્યું. હરિઃૐ આશ્રમે આ શ્રેણીનાં પ્રકાશનનો આરંભ કરવાની અમને તક આપી એ બદલ અમે એમના આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયમાં અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈએ જે ઊજળી પરંપરા ઊભી કરી છે એને અમારાથી અનુસરી શકાય છે, એ જ તેઓશ્રીનું તર્પણ છે એમ અમે સમજીએ છીએ. એવી પરંપરાના એક ભાગરૂપે પૂજ્ય શ્રીમોટાના ગ્રંથો પૈકી આ પંચપાત્રના નવનિર્માણને તેઓશ્રીના ચરણે સમર્પિત કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

અમદાવાદ,
તા. ૨૧-૪-૧૯૯૩

**શ્રેયસ વિ. પંડ્યા**
**યજ્ઞેશ વિ. પંડ્યા**
**હિમાદ્રી વિ. પંડ્યા**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવજ્યોતિ' તથા આ જ શ્રેણીનાં બીજાં ચાર પુસ્તકો એમ કુલ પાંચ પુસ્તકોનું પુનર્મુદ્રણ પ્રગટ કરતાં આનંદ થાય છે. આ પ્રકારનાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાના પરમાત્માનુભવનું હાર્દ સૂચિત હોવાથી એનું ઘણું મૂલ્ય છે.

આ પુસ્તકોની આ નવી આવૃત્તિના પરામર્શક તરીકે ડૉ. રમેશભાઈ ભટ્ટે અમને સહાય કરી છે. પહેલી આવૃત્તિના પ્રકાશનમાં જ્યાં જ્યાં મુદ્રણદોષો હતા એ સુધાર્યા છે અને પાઠ (Text)ને વધુ આધારભૂત બનાવ્યા છે. અમે રમેશભાઈનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચેય પુસ્તકો સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાએ છાપીને હરિઃૐ આશ્રમને ભેટ આપ્યાં છે. આ બંને યુવાન સંચાલકોએ એમના સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ પંડ્યાની ઉજ્જ્વળ પરંપરાને જાળવી રાખીને, પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પરત્વે અવિરત ભાવ વ્યક્ત કર્યા કર્યો છે, એમના માટે આભારના શબ્દો તો ઓછા પડે. અમે એમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં ચાહકોને તથા સ્વજનોને અમારી નમ્ર વિનંતી છે કે આવાં પુસ્તકો તેઓ ખરીદીને વાંચે તથા અન્ય મિત્રોને ખરીદવા પ્રેરે. પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્થાપિત કરેલી ભાવના પ્રમાણે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થતી આવક લોકકલ્યાણનાં કામોમાં જ વપરાય છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **સી. ડી. શાહ**<br>
તા. ૨૧-૪-૧૯૯૩ — વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત **'ભાવજ્યોતિ'**ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન સને ૧૯૭૪માં થયા બાદ તેની બીજી આવૃત્તિનું પ્રકાશન સને ૧૯૯૩માં થયું હતું. હાલ, આ પુસ્તકની પ્રતો અપ્રાપ્ય છે. સ્વજનો તરફથી અવારનવાર આ પુસ્તકની માગણી રહ્યા કરે છે. જેથી, તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

સુરતના સદ્ગત રતિલાલ ગિરધરલાલ રંગૂનવાળાના સુપુત્ર શ્રી સુભાષભાઈ તરફથી અમોને આ પ્રકાશનમાં આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે, તે બદલ અમો તેમના ઘણા ઘણા આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિ શ્રી જયંતીભાઈ જાનીએ સદ્ભાવથી કરી આપી છે. ટાઇટલ ડિઝાઇન શ્રી મયૂરભાઈ જાનીએ પ્રેમભાવથી કરી આપી છે. આ પુસ્તકને છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયશભાઈ પંડ્યાએ સેવાભાવથી કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ જ આ આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી અમોને આશા છે.

તા. ૧૪-૧-૨૦૦૫ **ટ્રસ્ટીમંડળ**
(મકરસંક્રાંતિ) હરિઃૐ આશ્રમ, સુરત

# ભાવજ્યોતિ

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨ **- શ્રીમોટા**

હરિઃૐ

## ખંડ ૧ : પ્રારંભ

(અનુષ્ટુપ)

સંસારમાં બહુ રીતે કચરાવાનું જે થયું,
જીવને તેથી મારાથી દબાવાઈ જવાયું શું !
જ્યારે તેવી સ્થિતિ ડંખી ખૂબ ઊંડી ઊંડી હ્રદે,
માથું ઊંચું કરી ત્યારે બળવો શો કરેલ છે !

અપમાન સહેલાં છે, ખાધી છે ગાળ કૈંક મેં,
અસહ્ય વચનોયે શાં સંભળાવેલ છે મને !
બોલ્યાચાલ્યા વિના તેવું સાંભળી મેં લીધેલ છે,
હરિમાં લક્ષ ચોંટાડી, એમાં ધ્યાન દીધું ન છે.

□

ટંટાફિસાદમાં કોઈ ઊતર્યો નથી ક્યાંય હું,
ને ડાચાકૂટ ને ચર્ચા મૂકી દીધેલ છે બધું;
નકામો ના જવા દેવો સમય અર્થ વિણ તે,
હીન
સૌ ઉપયોગમાં લેવા હરિઅર્થ મળેલ જે.

□

બેલી ગરીબનો કોઈ મળે સંસારમાં નહીં,
લેનારું ઉપરાણું ના કોઈ ભાળ્યું જગે અહીં;
એના અન્યાયનો કોઈ સામનો કરનાર ના,
તે અનુભવી પ્રત્યક્ષ, લગાડ્યું ચિત્ત પાદમાં.

આડફંટે ચઢી કેવો ક્યાંનો ક્યાં રખડેલ છું !
ચરી ખાધેલ છે કેવું ખેદ વિચારતાં થતો !
પશ્ચાત્તાપ ઊંડો ઊંડો અગણિત થયેલ છે,
તેથી મોં પાછું વાળીને, ઢળેલો હું હરિપદે.

□

ગરીબાઈ મળી તેથી શીખવાનું મને મળ્યું,
ઉપેક્ષા કરતાં શીખ્યો જ્ઞાનપૂર્વક દિલ શું !
ભાવ શું !
ધૈર્ય ધરતાં શીખ્યો, અપમાન ગળી જતાં
-પ્રેમથી શીખવાનું સૌ આવ્યું છે મુજ ભાગ્યમાં.
કડવા ઘૂંટડા એવા મળ્યા છે શા પીવા મને !
છતાં ગાંઠ વળાઈ ના એ તો એની કૃપા ખરે.

□

સંસારમાં હું મોહ્યો છું, કેવો કદીક ધૃષ્ટ થૈ !
આવતાં ભાન જે વિશે વાર લાગી ન કૈં જ છે;
સાન
જાગીને દિલથી જોતાં દીવા જેવું જણાયું છે,
કે મોટો કેવડો હું તે દોષ તો કરતો હતો !
હિકમતથી કિંતુ શો તેમાંથી ઊગરી જઈ,
હરિના પદના પ્યારે બેસાયું બેસણે ચહી.

સંસારે કડવા-મીઠા ઘૂંટડા શા પીવા મળે !
કડવો ઘૂંટડો પીતાં કડવો લાગવા છતે,
ગમ્યો ના સ્વાદ તોયે મેં હેત રાખી પીધેલ છે,
હરિ સંભારીને ભાવે કડવાને ગ્રહેલ છે,
કડવું-કડવું હોવા છતાં, તે કડવું ન છે;
કેમ કે ગુણ તેના તો સેવને શા મધુર છે !
કડવામાં ભજાયા છે હરિ મીઠા મીઠા હૃદે !
એવા સ્મરણનો લાભ ગુણભાવ અકલ્પ્ય છે.

□

ચૂંથણ ચૂંથતાં લોક કેવા કેવા પ્રકારનાં !
એમાં જ રાચવું એને આઠે પ્હોર ગમે સદા;
એવા સંસારમાં જીવ્યું ફોગટ સૌ પ્રકાર છે,
એમાંથી કેવું ચેતાઈ છે નીકળાયું બ્હાર તે !
હરિને ભજવા પ્રેર્યો, જીવંત તે રખાવીને,
તેમાં સાતત્ય પ્રેરાવી જિવાડ્યો ભાવથી મને.

□

ભારે જીદે ચઢીને મેં કશી વાત ન માની છે,
યદ્વાતદ્વા ગમે તેમ વર્ત્યાં મેં તો કરેલ છે;
જિંદગી એવી તેકેરું જ્યારે ભાન જીવંત છે,
ત્યારે કેવો સફાળો હું જાગી, પાદ ગ્રહેલ છે !

જીવને ઉપયોગી હું જેને તેને થવા મથ્યો,
સામા પક્ષથી ના કોઈ અપેક્ષા દિલ રાખી છે;
આવવા ખપ જે તે-ના સતત યત્ન તો હતો,
પછી તો પ્રભુપ્રીત્યર્થે જે તે સર્વ કર્યાં જતો.

□

જીવદશાનું સંસારે જીવવાનું થતું બધું,
ઊર્ધ્વ દશાનું સંપૂર્ણ ઊલટ જીવવાનું શું !
એકબીજાંની સાથેનો મેળ ના સરખો મળે,
એક પ્રકૃતિથી ચાલે, બીજું ચેતનથી જીવે.

□

જીવન આપણી રીતે જેમ વ્હેવાનું ધાર્યું છે,
તેમ ને તેવી રીતે તે વહી ના શકતું જ છે;
સંપૂર્ણ આપણું ક્યાંયે સંસારે ચાલતું ન છે,
તેથી મેં તો વિચારીને, પદે સૌ સોંપી દીધું છે.

જેને જે જે વિશે લાગ્યો છે સ્વાર્થ શો ઊંડો હૃદે !
તો તો નિશ્ચય તેવાનું દિલ તે કામમાં રમે;
સ્વાર્થ પૂરો વિના લાગ્યા એકાગ્ર ના થવાય છે,
લાગવો સ્વાર્થ સંપૂર્ણ દુર્લભ હરિને વિશે.

□

બધાં પરત્વ સદ્‌ભાવ હૈયાના પૂર્ણ ભાવથી,
ધરી ધરી મળેલાંને રાખવાનો જ જ્ઞાનથી;
—શ્રીહરિપદમાં પ્રેમભક્તિ વડે ઊંડું હૃદે,
—નિઃશેષ સાવ સંપૂર્ણ અહંને કરવાનું છે.

□

બુદ્ધિ સમજણે યોગ્ય એનું અસ્તિત્વ જાણીએ,
કિંતુ વર્તન સંપૂર્ણ એના ભાન વિના થતું;
એવા કોઈક સદ્‌ભાગી હરિને જે ભજ્યા કરે,
તેવાને સ્વાંગ એનો કૈં નિમિત્તે ખ્યાલ આવશે.

સંપૂર્ણ સામનો ઉગ્ર કર્યા વિના પૂરેપૂરો
-જીવનની ન કૈં ઊંચે શક્યતા આવવાની છે;
જિતાવાનું પૂરેપૂરું કદી ના બનવાનું છે,
સામનો શો અનિવાર્ય તેથી જીવનમાં જ છે.

□

વ્હાલો પોતે શું પોતાને લાગ્યા સહજ શો કરે !
પોતાને એકલાને તે ખરો જાણ્યા કરે હૃદે !
પોતાને એકલાને તે આપ્યા મહત્ત્વ શો કરે !
પોતે પોતામહીં ઊંડો રાચ્યાં કરે હૃદે ખરે.

□

હરિ કદી ન ક્હે પોતે 'મને ભજો તમે બધાં',
ગરજ જો તમારી હો તો તો તમે ભજો સદા;
તે આવે છે કહેવા ના કે મારી પ્રાર્થના કરો,
તમારી દિલ-સ્વેચ્છાએ જે હો કરવું તે કરો.

□

હરિઃૐ

## ખંડ ૨ : નામસ્મરણ

(અનુષ્ટુપ)

‘અસ્તિત્વ હરિનું ન્હોતું’ એવી રીતે જીવ્યા કર્યું,
યોગ્યાયોગ્ય દી કોઈ મેં વિચાર્યું છે ન કૈં કશું;
હરિએ હાક મારીને, ઢંઢોળીને પૂરેપૂરો
-જગાડી નામ લેવાનું, મને દિલ ચીંધાવિયો.

ચિંત્વને નામના ગુણે ગુણવિકાસ થાય છે,
નામસ્મરણથી માત્ર એકાગ્રતા સધાય છે;
ઊગે જે ભાવ એમાંથી શક્તિલાભ મળ્યાં કરે,
કેવો એમાંથી જોડાય પૂર્વાનુબંધ અંતરે !
જે આત્યંતિક છે પ્રેમ શ્રદ્ધાનું પરિણામ, કે
સ્મરણ માત્રથી એને આશરો શો મળી રહે !

□

સ્મર્યાથી હરિને ભાવે રચાય છે ઊંડે ઊંડે
-અંતરપટ તે કેવો ઊર્ધ્વ પ્રદેશનો ખરે !
સ્મરણ-ભક્તિથી કેવું જીવન બદલાય છે !
પ્રતિષ્ઠા શ્રીહરિની શી અંતરે થતી હોય છે !

□

સ્મર્યાનો નિત્ય અભ્યાસ જીવન ઘડનાર છે,
જીવનમાં નવા ભાવો જિવાડે છે જગાડીને;
સ્મરણ ખાલી ના માત્ર, એની પાછળ હેતુ જે
-ફળાવી, શક્તિ પ્રેરાવી કેવું જીવનને ઘડે !

શ્રીહરિની કૃપાનો શો પ્રસાદામૃત અંતરે
-સંજીવની સમો દિવ્ય પલટાવે નવાંકુરે !
સંવર્ધન નવા વેશે જીવનને સજાવીને,
સોળે શૃંગારથી યુક્ત પ્રસાદીરૂપ કેવું તે !

□

હૈયે સંભારવાનો છે હરિને ખૂબ ભાવથી,
સ્મર્યા તે કરવાનો છે નિત્ય અભ્યાસ પ્રેમથી,
પછી કેવી રીતે એને ભૂલી શકાય દિલથી !
બારે વાંસ ભૂલ્યા જો તો ડૂબેલા જાણવા નકી.

□

કદીક જો ભૂલ્યો છું હું હરિને પળવારયે,
ઊંચા નીચા થવાયું છે ધ્રાસકો તો પડ્યો હૃદે;
વળતાં કળ લાગી છે કેટલી વાર અંતરે,
બનવાથી બહુ વેળા એવું, થાળે પડાયું છે.

જીવને સાવ નાનામાં નાનો મૂર્ખ હું બાળ છું,
જવા લાયક ના પાત્ર શ્રીહરિપદ, બાળ હું;
વિચાર્યા કૈં વિના તોયે હું તો ઢળેલ શ્રીપદે,
સ્મરી સ્મરી સદા એને ભાવે પ્રાર્થ્યાં કરેલ છે.

□

ખેલવું, કૂદવું, ભાવે સ્મરી સ્મરી હરિ હૃદે,
માત્ર ના રમવા અર્થે જિંદગી આ મળેલ છે;
જિંદગીનો ઊંચો હેતુ જાણે તેને ખરેખરો
-જીવવામાં સમાયેલો લાગે નિત્ય નવો નવો.

□

યાદ કર્યા વિના એને ચાલતું ના જરી મને,
પળ એક ભુલાતામાં ખેંચાય નાડીઓ શી તે !
બંધારણ બધું મારું માત્ર શ્રીહરિની પરે,
વ્યવસ્થાતંત્ર સૌ મારું ચાલે ચલાવ્યું એનું તે.

મને હંફાવીને કેવો હાંફળો ફાંફળો હૃદે
-કદીક શો બનાવીને ઉતાર્યો છેક તો નીચે !
છતાં ત્યાંયે હરિ તારું સ્મરણ ના મુકાયું છે,
કૃપાશક્તિ વિના તારી થયું તે હોત શી રીતે ?

□

સ્મરણ નિત્ય અભ્યાસ પાડતાં પાડતાં હૃદે,
કદીક કારણે કોઈ ત્યાં ખલેલ પડેલ છે;
કિંતુ ત્યારેય કો'વાતે ગભરાયા વિના હૃદે,
સોબત મનમાં એની રાખ્યાં કેવી કરેલ છે !

□

એકધારું ઊંડા વ્હાલે ભાવ-ઉમળકાથી તે
-હરિનું નામ લેવાનું જ્યારે દિલ થયેલ છે;
પછી સ્મરણ લેવાયાં આપમેળે ગયેલ છે,
પ્રયત્ન પછી કૈં ત્યારે ના કરવા પડેલ છે.

એકનિષ્ઠા થકી ભાવે સ્મરાયું હરિને હૃદે,
જીવન ફેરવાઈને સમજાયું છે નવા રૂપે;
જૂના જે ગુણ ને દોષ ફેરવાયેલ છે બધા,
પ્રત્યક્ષ તે પરિણામે સ્વીકારાઈ હરિકૃપા.

□

હરિને સ્મરવા કેડે ભજવાનું થયેલ છે,
ભજવાથી ઊંડું ઊંડું આધારે ઊતરાયું છે;
દૃઢ એકાગ્રતા ભાવે મંડી પાંગરવા હૃદે,
ત્યારના સ્વાદના કેવાં મઝા, સ્વાદ રસિક છે !

□

સતત નામને ઊંડું ધાર્યાં આધારમાં કરી,
સ્મરણનો હૃદે કેવો લહાવો મેં લીધેલ છે;
એકાગ્રતા હૃદે એની ત્યારે કેવી થયેલ છે,
એવી એકાગ્રતા લીધે ભાવ કેવો ચઢેલ છે !

સ્મરણ-શક્તિની કેવી ગજબ ચમત્કારિક
-અસર તેની અદ્‌ભુત, રોમાંચ ભરી ચેતન,
કેવાયે ફેરફારોને આધારે પ્રગટાવીને,
ફેરવાવે નવું કેવું જીવન નવસર્જને !

□

સ્મરણ બઢતું ધીમે ધીમે જીવનમાં હૃદે,
બઢતાં બઢતાં કેવું અદ્‌ભુત કર્મ તે કરે !
સ્મરણ-ભક્તિ તો કેવા પ્રકૃતિના જુદા જુદા
-મનાદિના ગુણધર્મ બદલાવે કરી કૃપા !

□

હરિના સ્મરણે કેવો બનાવ્યો મુજને હૃદે !
શો બદલાવી નાખ્યો છે ઘાટ જીવનનો ખરે !
'કેવો હતો અને આજે કેવો છું' કોણ જાણશે ?
એકલો માત્ર હું સાક્ષી તેવા જીવનનો ખરે !

હરિને સ્મરતાં જ્યારે આનંદ-હર્ષ ઉદ્ભવે
-ને ઉન્માદ સ્મરંતાં જ્યાં ધોધની જેમ ઊછળે;
ત્યારે ભક્તિ જ લાગેલી જાણવી દિલમાં ખરી,
એવી જીવનમાં ભક્તિ, તેવા ભક્ત શિરોમણિ.

□

સ્મરણે અંતરે કેવો ભજવ્યો ભાગ જીવને !
ઉત્તરોત્તર તો ભાવે બઢતું આવ્યું જીવન;
અવરોધો પથે આવે તેની સામે થવાયું ને,
બળ મળેલું પ્રત્યક્ષ, તેની સાબિતી હું જ જે.

□

કાળના કાળનો કાળ સાક્ષાત શ્રીહરિ જ શો !
તેનો હાથ જ ઝાલ્યાથી વિટમણા કશી ન છે;
વિટમણા છતાં હોવા જેવું વિટમણા કશું
-લાગતું ના, ખૂબી એ તો ભજનના લલકારની.

સંભારી હરિને હૈડે, હરિસ્મરણનો હૃદે
-માંડ્યો વેપાર છે, જેમાં ખોટ ના આવવાની છે;
રોજ રોજ વધારે ને વધારે રીત ચાહીને
-જગે વેપારનો નિત્યે હિસાબ ચલવેલ છે.

ઉત્તમોત્તમ સંસારે થવા મનસૂબો ધરી,
ભજી ભજી, મળ્યાં કર્મ ઉત્તમ તે કર્યાં કરી;
'પ્રાપ્ત કર્મ થવાં શ્રેષ્ઠ' એને ભક્તિ ગણેલ છે,
કર્મ થતાં થતાં એને સ્મર્યાં દિલ કરેલ છે.

વગાડી ઢોલથી જોરે જગતલોકને કથું,
મૃત્યુ ટાણે તમો પાદે સંદેશો મૂકતો જઉં;
શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !
જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.

હરિઃૐ

# ખંડ ૩ : હરિભાવ

(અનુષ્ટુપ)

હરિના નામની ભાવે લહે સંપૂર્ણ લાગી છે,
ત્યારે આનંદની લ્હેરો પરે લ્હેરો શી ઊછળે !
કદીક સર્વ અસ્તિત્વ જાણે જીવનનું ન છે,
એવી દશા થતાં, ત્યારે શૂન્ય થઈ જવાય છે.

ભાવથી નામ લેવાયા જવાયા થકી અંતરે,
તબક્કા શા જુદા જુદા છે પ્રવર્તેલ તે સમે !
જુદી જુદી ભૂમિકાનાં લક્ષણો શાં જુદાં જુદાં !
જીવને પરખાવે છે કેવી તે સર્વ ભૂમિકા !

□

હરિના નામનું ભાવે જ્યારે રટણ થાય છે,
નિરંતરનું થતાં કેવું જીવન પલટાય છે !
પ્હો વ્યોમે જેમ ફાટે છે, આભા પ્રકાશની ઝગે,
અનુભવ થતાં પૂરો પહેલાં તેવું થાય છે.

□

હરિના એકલાના જે ભાવથી જે સદા જીવે,
તેવા ભાવ થકી કેવો સંસાર તીર્થ થાય છે !
સારુંનરસું એવાને પછી એવા ન ભેદ છે,
માત્ર શો એકલો ભાવ તેનું જીવન હોય છે !

જીવતાં હરિના ભાવે સ્ફુરે ત્યારે શી શક્તિ જે !
જીવનને ઉરાડી દે આકાશમાં ઊંચે ઊંચે;
ભાવ તે જ્યાં પહોંચાડે ત્યાંથી પાછા કદાપિયે
-કૈં ફરવાનું ના થાય, કાયમી ત્યાં નિવાસ છે.

□

હરિની ભક્તિમાં જેનાં મોહ્યાં મનાદિ અંતરે,
સંસારમાં બધાં તેવા ભાવે કર્મ કર્યાં કરે;
તેવાને મોખરે ભાવ થતાં સૌ કર્મને વિશે,
વિવેક, સમતા પૂર્ણ એવાના જીવને જ છે.

□

હરિ જીવનમાં જેને સાચો આધાર હોય છે,
તેવાને કોઈ વાતે ના કશી ફિકર હોય છે;
મ્હાલતા મસ્ત થૈ કેવા અનોખા ને અકલ્પ્ય શા
-એવાની તે કથા-ગાથા ગાવા, શો ભાવ જાગિયો !

હરિ મારો થયેલો છે ભાવજુસ્સાતણા બળે,
ભાવના ધોધની વર્ષા થઈ, જીવનને વિશે,
એવા ભાવતણી શક્તિ પ્રસરી આરપાર શી !
જૂના સૌ ગુણધર્મોને દે પલટાવી મૂળથી.

□

હરિના ભાવમાં સ્નાન કરી કરી ઊંડો હૃદે
-ભાવ સ્ફુર્યા કરેલાથી મોર્યું જીવન કેવું તે !
કિંતુ જીવનમાં કોણ ભાવને પ્રીછતું જ છે !
ભક્તને ભાવ વિના ના જિવાતું પળવાર છે.

□

હરિના ભાવથી કેવો છંટાય રંગ અંતરે !
એવા તે રંગની છાંટ કેવી ક્યાં ક્યાં જઈ ઊડે !
એનો માત્ર થતાં સ્પર્શ શુંનું શું થઈ જાય છે !
જીવને જાણનારો કો’ એવો વિરલ કોક છે.

હૈયામાં ભાવ જાગ્યાથી જાગ્રતિ ચેતનાત્મક
-આધારે, સર્વ કર્મોમાં પ્રવર્તેલી રહે દિલ;
એવી જાગ્રતિથી કેવી પ્રેરણા પ્રગટ્યાં કરે !
વિચારવાનું તેથી તો ત્યારે કૈં કશું ના રહે.
પ્રેરણાથી બધાં કર્મો આપમેળે થતાં રહે,
ત્યારે આનંદ તો પાછો મેળે નીતરતો રહે.

□

ભાવમાં સંકળાઈને ભાવથી જીવવું હૃદે,
જીવવું એ પ્રકારે તો આદર્શ મેં ગણેલ છે;
ભૂલ્યા ચૂક્યા વિના નિત્યે ભાવે જે તે કરેલ છે,
ભાવમાં તે જીવ્યા વિના જીવ્યાનો કૈં ન અર્થ છે.

□

સમગ્રતા વિશે ભાવ પ્રતિષ્ઠિત થતો ઊંડો,
ભાવનું માત્ર સામાન્ય પ્રસરાયેલ હોય શું !
ભાવ एक મૂળે હોવા છતાં પાછો અનેક છે,
પૂરો સમજવો એને શો તે મુશ્કેલ દુર્લભે !

જોડાયેલા ગુણો કેવા જીવને ભાવ સાથ તે !
બેલડી ભાવ ને ગુણતણી પ્રવર્તમાન છે;
ભાવ ને ગુણ જ્યાં, ત્યાં ત્યાં, સાથોસાથ શું બેઉ છે !
જીવને ભાવ ને ગુણ કેળવવાનું રાખ્યું છે.

□

આખું જીવન તો ભાવે સમગ્રે ને અખંડ જે
-વહ્યાં કેવું જતું જેનો અભ્યાસ નિત્યનો જ છે !
થતાં અભ્યાસ સંપૂર્ણ ભાવે જીવનમાં ઊંડો,
શાં મીઠાં ફળ પ્રત્યક્ષ તે અનુભવવા મળ્યાં !

□

વાગોળી, ઊંડું વાગોળી એક રસ બનાવીને,
પચવા યોગ્ય સંપૂર્ણ અગ્નિને તે ધરાવ્યું છે;
ધરાવ્યા વિણ કૈંયે તે કશું ના ખપનું જ છે,
સમર્પેલું ઊંડા ભાવે જીવનનો પ્રસાદ તે.

જીવને ભાવના ઓળા વારંવાર ચઢાવીને
-પુટ થશે પરે કેવા ! જેથી તે બદલાય છે;
સ્મરણ, ભાવ ને શક્તિ ત્રણે પ્રકારના પુટ
-જીવને શા ચઢાવ્યાથી, યોગ્ય સમર્પવા થયું.

□

એકલા હરિના ભાવે જીવન જીવવાનું છે,
રહેવા ભાવ હૈયામાં નિરંતરે અખંડ જે
-'કેવું કેવું મથાયું છે' જાણે એકલું દિલ તે,
મથાતાં અપરંપાર, દિલશૌર્ય જણાયું છે.

□

ભાવ વિના હરિ કોઈ ઉપાયથી જણાય ના,
ભાવ એની મેળે તો જાગે કેમે કર્યોય ના;
અખંડ સાધનાભ્યાસ થતાં અંતરમાં તદા,
ભાવ મેળે જ જાગે છે ગંગધારા સમો તદા.

કેટલી વાર સુધી મેં રાહ નીરખી નીરખી,
વળી, ગઈ ઊંડી આંખો, છતાંય નીરખે નહીં !
સતત બસ કર્તવ્યે એકના એકમાં જ તે
-શી એકાકાર લાગી તો ગયેલી છે રસાત્મકે !
શી રસાત્મક એકાગ્ર થતાં કેંદ્રિત અંતરે !
ભાવનું હાર્દ પ્રત્યક્ષ ત્યારે અનુભવાય છે.

☐

આપત્તિના ઘણા પ્હાડ કેવા તૂટી પડેલ છે,
છિન્નભિન્ન થવાયું તે નિરાશામાં પડેલ જે;
ત્યારે જોમ મળેલું છે હરિના ભાવ ચિંત્વને,
ગમે તેમ થતાં તોયે પદ છોડ્યાં ન કેમયે.

☐

હરિભાવથી સંસારે હરિની યાદ મોખરે
-ધરતાં ઊંડી, સૌ કર્મો થતાં ર્હેતાં ખરેખરાં;
કર્મ સૌ કરતી વેળા કર્મભાન કશું ન છે,
કૃપાથી કર્મની રીતે મેળે તે થતું જાય છે.

હરિની ભાવનામાં તો કાળ વ્યતીત શો કર્યો !
આડુંતેડુંય જોવાની ક્યાંયે દૃષ્ટિ ન થૈ જ છે;
સાંસારિક બધાં કર્મો ભાવનાના જ પૂરમાં
-સ્વાભાવિક રીતે કેવાં આપમેળે થયાં જતાં !

□

દિલની ધારણા વિશે શ્રીહરિ શો જીવંત છે !
ધારણા એનીથી કેવું આશ્વાસન મળ્યાં કરે !
હરિના ભાવથી મારે જીવવાનું ધરા પરે,
શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શો માથે મારે ધણી સમર્થ છે !

□

હરિમાં રાચવું પ્રેમે કર્તવ્ય એકલું જ તે,
ગમે છે દિલમાં ઊંડું, તેથી રાજી થવાય છે;
પ્રસન્નતા, ઊંડી શાંતિ, પથરાતાં જતાં હૃદે,
હરિના ‘ભાવનું ત્યારે’ અવતરવું થાય છે.

હરિમાં રાચવું ભાવે નિત્યનો ક્રમ એ જ છે,
એના વિના બીજામાં કૈં જેનું ચિત્ત જતું ન છે;
છતાં સંસારનાં કર્મો પાછાં એનાં થયાં જતાં,
વળી જવાબદારી ના, હોવા છતાં પૂરી સદા.

□

હરિના ભાવનો માત્ર જીવનવ્યવસાય છે,
જીવનમાં કમાવાનું તે વ્યવસાયથી જ છે !
જીવને આ કમાવામાં કેવી ખોટ ગયેલ છે !
તે જાણી ભડકી, ઊઠી, દોડવાનું કરેલ છે.

□

ભાવ શો જામતાં ઊંડો યાદ તો કરવા વિશે
-હરિને કેટલો મોટો ઉછાળો હર્ષનો હૃદે !
ઉમળકાતણો પાર મર્યાદા ત્યાં કશી ન છે,
એકને એકમાં લક્ષ સંપૂર્ણ ચોંટ્યું છે હૃદે.

ભાવની સાથ સંપૂર્ણ હૈયે શ્રીહરિપાદ છે,
એવી તે પાદ-શી ભક્તિ શ્રીહરિની ગણાય છે;
સ્મરણ ભાવથી જેનું નિરંતરનું થાય છે,
એવા તે ભક્તનું, લેતો સંભાળી સૌ હરિ શું જે !

□

હૈયામાં ભાવ જન્મીને જ્યાં એકાકાર થાય છે,
પ્રેરણાશક્તિ ખીલીને વર્તાયે ઉપયોગ તે;
બુદ્ધિની સૌ મડાગાંઠો ઓગળી જઈને હવે
-જુદા સ્વરૂપમાં પોતે પ્રકાશે છે નવા રૂપે.

□

બાંધવા ગોષ્ઠિ હૈયાથી હૈયામાં ભાવથી ઊંડી,
મિત્રતા બાંધવા પ્રેમે ખડી તત્પરતા જ શી !
કોઈ વાતે જરા ક્યાંયે અધૂરપ કશા વિશે
-હરિ રીઝવવા અર્થે કશી બાકી ન રાખી છે.

જીવન ભાવનાકેરી, સમગ્રતા વિશે ઊંડી
-આધારે પ્રસરેલી જે રોમે રોમે જ વ્યક્ત શી !
એનો પ્રત્યક્ષ પુરાવો રોમે રોમ પ્રસન્નતા,
અખંડાકાર શો ભાવ, જીવવૃત્તિ ન ક્યાંય ત્યાં.

□

हरिने યાદ હૈયાથી કરવામાં ફળો મળે
-કેવાં કેવાં, જનો કોણ એને તે સમજી શકે !
કોઈક ભાગ્યશાળી જે હજારોમાંથી રત્ન જે,
લોકમાં તે ગણાયેલો મૂર્ખ એવો ડફોળ જે,
પ્રભુમાં કિંતુ એવો જ જીવન જે ઝુકાવી દે,
નીકળી પાર તે થાય, ભાવથી મુક્તિ સૌની છે.

□

एने પોકારતાં ભાવે કેવી સ્હાય મળેલ છે !
કિંતુ સંબંધ તે પ્હેલાં જવો બંધાઈ જોઈશે;
બંધાયા વિણ તે એવો ઊંડો સંબંધ દિલનો,
કોઈ ના દોડી આવે છે દેવા મદદ તુર્ત તો.

ભાવનાના ઉછાળા શા માર્યા કરે સચેતન !
જુવાળ ભાવનો ત્યારે ચઢેલો ભરપૂર છે;
વાણેતાણે વણાઈ શો ભાવ ત્યારે ગયેલ છે !
અણુ અણુ વિશે તેનો ગર્જતો રણકાર છે.

□

હરિને એકનિષ્ઠાથી અંતરે મેં ભજેલ છે,
શો નિરંતરનો ભાવ એમાંથી તો ફળેલ છે !
ભાવ તદ્રૂપતા કેવી જે તે સાથ થયેલ છે !
ભાવનો એકલો માત્ર સંસાર શો રહ્યો હવે !

□

હરિની ભાવનામાં તો સંસાર આ સમગ્ર તે
-પલળીને, ડૂબેલો છે, અસ્તિત્વ છે, છતાં ન તે;
તેના તે મૂળ રૂપે ના, સ્વભાવ, ગુણ ને બધું
-રંગાયેલું હરિનામાં, સ્વભાવે મૂળ ના કશું.

હરિના ભાવમાં ઊંડું જીવન જીવવાનું છે,
જીવતું ભાન તેવું તે રહેવાથી જાગતું હૃદે;
એનું એ જ હૃદે ઊંડું રટણ નિત્ય થાય છે,
જીવનની બધી શક્તિ સ્મરણમાં વસેલ છે.

□

હરિના ભાવમાં ઊંડા જીવવાનું ચહેલ છે,
હવે સ્ખલન તો નિશ્ચે કદાપિ ના થતું જ છે;
નિયમિત, નિયંત્રિત, સ્મરણ ચાલતું જ છે,
સ્વયંમેળે હૃદે યાદ પ્રગટતી રહે જ તે.

□

સ્વાભાવિક રીતે કેવું હરિ પરત્વનું હૃદે
-સહજ ભાવનું ઊંડું વલણ જીવતું જ છે;
તેથી તો હરિની કેવી યાદ તે ઝબક્યાં કરે !
તે પળવારયે કેમે ભુલાતો નથી અંતરે.

હરિમાં એકધારું ને એકનિષ્ઠાથી જીવવું,
જાગેલો જ્યાં ઊંડો ભાવ સહજ આપ શક્ય શું !
પ્રવર્તેલો ઊંડો ભાવ હરિ પરત્વનો હૃદે,
હરિ પ્રત્યક્ષ સાકાર ત્યારે શો થઈ જાય છે !

□

સર્વોત્કૃષ્ટ હરિ કેવો જેમાં તેમાં બધાં વિશે !
કોઈનીયે હરિ સાથે તુલના ના થઈ શકે,
શો અદ્વિતીય એવો તે, કલ્પનાનીય પાર તે
-ભક્તિના ભાવમાં માત્ર એની ઝાંખી શી થાય છે !

□

ભાવને કોઈ ભાષા ના, ભાવને કોઈ વાણી ના,
વિચાર ભાવમાં કૈં ના, ભાવને વર્ણવાય ના;
શો અનુભવમાં ભાવ ! ભાવ-અમૃત-અંજન,
એવો તે ભાવ અંતે તો શો ભાવાતીત થાય છે !

□

હરિ:ૐ

## ખંડ ૪ : કર્મયજ્ઞ

(અનુષ્ટુપ)

જ્યાં જ્યાં કર્મ મળ્યું તેને દિલે વધાવ્યું છે સદા,
પ્રભુપ્રીત્યર્થ તે કર્મ મથ્યો ઉત્તમ તે થવા;
અધૂરું કૈં ન મૂક્યું છે, જે તે પૂરું કરેલ છે,
હરિને પ્રાર્થી પ્રાર્થીને કરી, તે સૌ સમર્પ્યું છે.

કર્મને ભાવ સાથેનો સંબંધ જીવતો થતાં,
થતાં સુમેળ બંનેનો, કર્મ શું બદલાય ત્યાં !
કર્મમાં મોખરે ભાવ ચેતનાત્મક હોય જ્યાં,
કર્મ તે યજ્ઞના પૂર્ણ સ્વરૂપે જાણવું સદા.

□

જવાબદારી તારી તે પરે સોંપી દઈ બધું,
કર્મો થતાં થતાં, ભાવે હરિને મોખરે ધર્યું;
કર્મો અટપટા પંથે આવતાં, હરિ જે શિરે,
પ્રેરાવી બુદ્ધિ તે રીતે, કર્મ પાર ઉતારી દે.

□

દુન્યવી કર્મથી કેવો ભાવમાં ભંગ જ્યાં થતાં,
કેવાં કૌભાંડ, ઉત્પાત અંતરે ઉદ્ભવી જતાં !
ત્યારે દિલ હરિને મેં અત્યંત આર્દ્ર સાદથી
-જ્યાં પોકાર કરેલા છે, હરિએ સામું જોયું છે.

જિંદગીની દીવાનીમાં કેવાં કર્મ કર્યાં કર્યાં
મને હવે કરેલું જ્યાં કેવું તે તે કરે બળ્યાં !
કિંતુ તેમાંથી વાળીને કૃપાથી કીર્તને વળી
-સ્મરણ-ભક્તિ, સત્કર્મે વાળ્યું એને મથી મથી.

□

હરિને શો મૂકી નેવે કર્મ સૌ આચરેલ છે,
પસ્તાવો પછી એનો શો હૈયે ઊંડો થયેલ છે !
ત્યારથી ચેતીને તેથી ભજવાનું થયેલ છે,
મારા જીવનનો વ્હાલો સાહ્યબો હરિ મૂળ છે.

□

જવાબદારીનું કર્મ સ્વીકારી હર્ષભાવથી,
તે તે કર્મ યથાયોગ્ય સંપૂર્ણતાથી તે કરી;
યોગ્ય તે તે થવા, પૂર્ણ જે જે જરૂરી જીવને,
કામે લગાડી, તે તે સૌ પછી સમર્પ્યું છે પદે.

જીવસ્વભાવના ગુણ કર્મે પ્રવેશી જાય ના,
શી તકેદારી એની મેં હરિકૃપાથી રાખી ત્યાં !
કર્મ તે કર્મ ના માત્ર, શ્રીહરિની પૂજા શી તે !
પુષ્પ સમર્પવા કર્મ મળેલું શ્રીહરિપદે.

□

જેનું કોઈ ન સંસારે એવો જો હરિને ભજે,
નિજ જીવનનો સ્વામી હરિને જો બનાવી દે;
જે તે કર્મ થતાં તે તે પ્રેરાઈ હરિભાવથી
-કરતાં પ્રભુપ્રીત્યર્થે, તેને નિજ બનાવી દે.

□

ઉચ્છેદવાનું તો કર્મ કશું કૈં ના કરેલ છે,
સંસ્થાપવાનું તો કર્મ, હરિઅર્થ કરેલ છે;
'હરિને ભજવો ભાવે,' નિરંતરનું કર્મ તે,
એવું કર્યા કરી કર્મ, હરિપાદે સમર્પ્યું છે.

ઉત્તમ મળ્યું હો કર્મ મોહીને કરવું ન તે,
પ્રભુપ્રીત્યર્થ ધારીને સ્મરંતાં કરવું જ તે;
પ્રસન્ન કરવા, કર્મ કૃપાથી તે મળેલ છે,
રીઝે જે રીત શ્રી પોતે, તેમ આચરવું ઘટે.

□

હરિને નિત્ય સંબોધી કર્મ જે તે કર્યાં કરું,
શી વ્યવસ્થિતિ સંપૂર્ણ હરિ રીઝવવા ધરું;
શ્રેયાર્થીને હરિ કેવો વ્હાલો, વ્હાલો અધિક છે !
હરિને પ્રેમભક્તિથી ચાહ્યાં શો કરવો જ છે !

□

હરિ જીવનમાં જ્યારે પોતાનો બની જાય છે,
નિશ્ચિંતતા શી તે વેળા અવર્ણનીય હોય છે !
કંઈ કશુંય ત્યારે ના વિચારવાનું હોય છે,
આપોઆપ બધાં કર્મો પ્રેરણાથી બન્યાં કરે.

હરિની ધારણા ભાવે શાં વ્યવહારનાં કર્મો
-વિશે કેવી પ્રવેશી જ કરાવે છે સ્વયંભૂ એ;
કર્મમાં ભાવ હોવાથી મહત્ત્વ એનું ઑર છે,
કર્મ ત્યારે ન તે કર્મ, ઈશ્વરી અંશ છે.

□

અનેક સત્ત્વ કર્મોમાં હરિને પ્રાર્થી પ્રાર્થીને,
હરિને સ્હાય દેવામાં વીનવ્યા મેં કરેલ છે;
સાત્ત્વિક કર્મમાં એણે સ્હાય કેવી દીધેલી છે !
જિગરજાન શો દોસ્ત એના જેવો બીજો ન છે.
કદીક સ્હાય ના થૈ છે, છતાંયે હેત પૂરતું
-એના પરે ટકી રહે છે, ચળાતું ના હવે કશું.

□

આપણાં દુઃખના કર્તા પોતે શા આપણે છીએ !
છતાં એનો બધો દોષ ઠાલવીએ બીજા પરે;
કર્મનું તે પરિણામ, ભોગવવું પડે સદા
-પોતાનાં આપણાં કર્મો થકી સંસારમાં તદા.

ઓઢાડે છે હરિ માથે જે જે જીવનમાં બને,
નર્યું અજ્ઞાન તેમાં છે, એને ના વળગે કશું;
કર્મનું છે પરિણામ, તેમાંથી છૂટી ના શકે
-કોઈયે, કોઈ ઉપાયે ભાગી તેથી ન કો શકે.

□

શક્તિ કેળવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !
શક્તિ દાખવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !
શક્તિ પ્રેરાવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !
શક્તિ ઉદ્‌ભાવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !

□

ચિંતા, ફિકર, ઉપાધિ, બોજો ધાર્યા વિના કશો
-અમે જવાબદારીને સ્વીકારી છે જીવ્યા વિશે;
છતાં તે કર્મ સંપૂર્ણ યથાયોગ્ય રીતે થવા,
હૈયાની કાળજીમાં તે વિશે ત્યાં ફેરફાર ના.

□

હરિઃૐ

# ખંડ ૫ : કૃપાબળ

(અનુષ્ટુપ)

જ્યાં ત્યાં નિશાળ સંસારે બોધ લેવાની કેવી છે !
શીખવાનું મળે કેવું જ્યાં ત્યાંથી, દિલ હોય જો !
તમારી જેવી જિજ્ઞાસા તેવું તેમ થવાય છે;
જિજ્ઞાસાએ ઘડ્યો કેવો મને કૃપાથી જીવને !

જુવાનીની દીવાનીમાં કૃપાની મ્‌હેરબાની કે
-ધ્યેય ઊગી મથાવાનું કડીતોડ થયેલ છે;
તમન્ના અગ્નિના જેવી પ્રચંડ સળગેલ છે,
જેણે મને કદી સૂવા નિરાંતે ના દીધેલ છે.

□

હરાયા ઢોરની પેઠે જ્યાં ત્યાં કેવું ચર્યા કર્યું !
શી રામાયણ બેઠી છે બંધાયાની ખીલે ઊંડું,
ન કૈં છુટાયું છુટાતું એકના એક ઠામપે
-કલાક ચોવીસે કેવું બંધાયેલું જ સજ્જડે !
કૃપાએ કિંતુ એમાંથી લીધો ઉગારી છે મને,
બલિહારી બધી એ તો શ્રીહરિની કૃપાની છે.

□

ઘણું ઊંઘ્યો, ઘણું ઘોર્યો, તોય ઉઠાયું ના હજુ,
ઢંઢોળ્યો કોઈકે ઝાઝો, ત્યારે કૈંક જગાયું શું !
પેલાએ કોઈકે ત્યારે મારો ખ્યાલ હજીય તે
-છોડ્યો ના છે, કૃપા કેવી, ઠામ તે પાડવા મને !

આથડ્યો ક્યાંયનો ક્યાંય છતાં ના સમજ્યો કશું,
માથું શું ભટકાયું છે ! ઊંચું જોવાઈ ના શક્યું;
ઠોકરો કેવી ખાધી છે ! વાગ્યું જેથી ઘણું ઘણું,
કૃપાની લાત વાગ્યાથી ! સાન આવ્યાથી હું મથ્યો.

□

શો હેરાન પરેશાન જીવને હું થયેલ જે !
રાવ ક્યાં કરવી કોને ? સૂઝ્યું નહોતું તે વિશે;
ઉપાધિઓ સહેલી છે, મુશ્કેલીઓ શી વેઠી છે !
શરણે આખરે મેં તો કૃપાથી ઝંપલાવ્યું છે.

□

કૃપાથી હરિનું ભાન ચેતનાત્મક કેવું છે !
હવે જાળવવા તેની ના દરકાર દિલ છે.
ને શ્વોસોચ્છ્વાસ ચાલે છે, તેવો શો હરિભાવ છે !
ભાંગેલા જીવથી બાકી, ક્યાંથી આવું થઈ શકે !
કૃપાનો મહિમા મોટો મથતાં મથતાં જતાં,
આપમેળે ચલાયું જ્યાં કૃપા પ્રત્યક્ષ છે જ ત્યાં.

નાઠાબારી ન શોધી છે, મુશ્કેલી આવી હો ભલે,
મર્દાનગીથી તો કેવો સામનો શો કરેલ છે !
ભાગી કૈં છૂટવાનું તો કદી દિલ થયું ન છે,
કૃપા-સામર્થ્યની કેવી વિપત્તિ સૌ ભગાડી છે !

□

મનાદિમાં હરિ વિશે ચિંતવ્યા કરીને ઊંડું,
નિચોડ નીકળ્યો તેથી સમાધાન થયેલ શું !
પોતાનું કરવા તત્ત્વ જીવને ઉપસાવવા,
મથ્યો હું આવડ્યું તેવું, સાંપડ્યું તે હરિકૃપા.

□

સ્વીકારી કર્મ આવેલું, પ્રભુપ્રીત્યર્થ તે કરી,
ઉત્તમોત્તમ રીતે તે થાય, વર્તાયું તેમ છે;
જવા છટકી સ્વપ્નેયે ખ્યાલ આવ્યો કદી ન છે,
મળેલાં કર્મને મેં તો હરિકૃપા ગણેલ છે.

જોખમો, સાહસો, કષ્ટ વહોરવાની ટેવ જે,
હરિમાર્ગે જતાં મેળે કૃપાથી શી પડેલ છે !
જોખમો, સાહસો ભારે શાં ભયંકર તો મળે !
જેનો કૈં ખ્યાલ સ્વપ્નેયે સંસારીને ન જાગશે.

□

હું વિમાસણમાં કેવો કદીક અટવાઈને
ગૂંચવાયેલ તેમાં ને તેમાં શો હું ઊંડે ઊંડે !
કોકડું ઊલટું ભારે વધારે ગૂંચવાયું છે,
એ તો કૃપા થતાં, ત્યારે સુતરું સૌ થયેલ છે.

□

છેડો મેં નવ ફાડ્યો છે, કેડો ના મેં મૂકેલ છે,
રેઢો એને ન મૂક્યો છે, ખેલો ભારે કરેલ છે;
નેડો એનો હૃદે ઊંડો લાગેલ છે ખરેખરો,
તેડાવેલો હરિ આવ્યો, કૃપા એવી અનંત છે.

જીવને શોખ શા શા તે પૂરા કરી ન હું શક્યો,
હવે અભરખા એના થતા શા કામના પ્રભો !
કૃપાથી ભક્તિમાં કેવો થયેલો વળતો પદે !
બધી જંજાળ છોડીને ઢળેલો છું હરિપદે.

□

સહિષ્ણુ વૃક્ષના જેવું કૃપાથી આચરાયું છે,
આગળ લૈ જનારો તો હરિ જેવો ન કોઈ છે;
અમાની થઈ સંપૂર્ણ હરિની ભાવશક્તિથી
-જીવને વર્તવાનું છે એની કૃપાની શક્તિથી.

□

કૃપાથી શોધી કાઢ્યું છે, ઠેકાણું જ્યાં જવાનું છે,
જતાંમાં અધવચ્ચે શો ભુલાવાનું બનેલ છે !
ભુલભુલામણીમાં શો અટવાઈ પડેલ જે !
ત્યારે શું અંતરે ભાવે પ્રાર્થતાં સ્હાય લીધી છે !

ઉલઝણો શી કેવીયે પથમાં આવી છે મને,
ત્યારે કૃપાથી ત્યાં શાંત રહેવાને મથાયું છે;
અસ્વસ્થ ના થવાયું છે શ્રીહરિની કૃપા શી તે !
અટવાયો નથી, પાછો મૂંઝાયો નથી અંતરે;
સ્વસ્થ સંપૂર્ણ ર્‌હેવાતાં, ઉપાયો સૌ સૂઝેલ છે,
વર્તવાથી પ્રમાણે તે પંથે આઘે જવાયું છે.

□

જીવને વેતરાયું છે જેમ જેવું જતાં પથે
-કદીક સાવ દેવાળું પૂરેપૂરું જ કાઢ્યું છે;
કૃપાએ આંખ ખોલાવી ચોંકાયું ત્યાં સફાળું છે,
પડવા ઠામ કીમિયો કામનો દિલ શો મળ્યો !

□

પ્રભુની મ્‌હેરબાનીથી નીચેથી ક્યાંય શો ઊંચો
-ચડાવીને નવાજ્યો છે રસામૃતે કૃપાથી શો !
સદા તે એકના એક સ્વાદને લઈને જીવું,
તોય તેમાં જુદો જુદો સ્વાદ લાગે મનોહર !

નઠોરમાં નઠોરેયે છો, કૃપાથી છતાં હૃદે
-શો હરિરસમાં વ્યાપ્યો ઉમંગે ને કૃપાથી જે,
ભલે તે અથડાવાનો છતાં ફરી ફરી ઊઠી
-માર્ગને પકડી લૈને થવાનો સ્થિર ભક્તિથી.

□

હરિમાં મ્હાલવાનું મેં જીવતા થઈને ધર્યું,
ધગશ, ખંત, ઉત્સાહ, ધૈર્ય, હિંમત, સૌ ગુણો
-પથનો રંગ લાગ્યાથી નીકળ્યા ફૂટી સૌ ગુણો,
ને ઉપયોગ તે સૌનો કર્યાં જ કરવાથી તો-
-કૃપાથી કેટલો મોટો આનંદ (ઉલ્લાસ) દિલમાં બઢ્યો !
મુશ્કેલી હરિપંથે શી ભારે ભારે જ આવી છે !
છતાં હામ ટકી રૈ છે, આપ્યો સંગ્રામ ઉગ્ર છે,
પડ્યો વળી, થયો ઊભો, શી ખુમારી, ટટારી છે !

□

હરિઃૐ

## ખંડ ૬ : હરિભક્તિ

(અનુષ્ટુપ)

જન્મી, કોઈક સદ્‌ભાગ્યે હરિને ભજવું મળ્યું,
મહેરબાની શી મોટી મારી પરે હરિની શું !
જે નાલાયક સંપૂર્ણ હરિને સ્મરતાં હ્રદે,
ખોળે લૈને શું બેસાડ્યો ! એવો ઉદાર આપ છે.

હરિને ભજવાકેરું જ્યારથી દિલ લાગ્યું છે,
વિશેષ ભાવની ભારે ભરતી શી ચઢેલ છે !
એવા તે ભાવને લીધે એકાગ્રતા શી કેંદ્રિત
આધારે પ્રગટી ઊંડી રોમ રોમ શી પ્હોંચી છે !

□

શી ભક્તિ એમની એમ લાગી છે નવજીવને,
શી પ્રગટાવવા ભારે તપશ્ચર્યા થયેલી છે !
સ્મરણનો નિત્ય અભ્યાસ નિરંતરતણો જ શો !
શું ઊપજેલ હોવાથી, ભાવથી ભક્તિ ફૂટી છે !

□

સ્મરણથી ભાવ મોરી, ઊંડો અવતરે હ્દે
-ત્યારે ભક્તિતણી કેવી જામે ફોરમ જીવને !
‘હરિની ગોદમાં છીએ’ ‘છત્રછાયા હરિતણી
-તળે શા પૂર્ણ નિશ્ચિંત’ જાગે શી એવી ભાવના.

જિજ્ઞાસા તે વિના જાગ્યા જીવન ખીલતું ન છે,
જિજ્ઞાસા જેવી તેવીથી હરિ તે મળતો ન છે;
જ્વાળામુખી સમી જ્યારે જિજ્ઞાસા જ્યાં ભભૂકતી,
ત્યારે જીવનનો થાય મેળે વિકાસ ભાવથી.

□

જુવાનીનો બધો જુસ્સો નાખ્યો ખર્ચી પૂરેપૂરો
-જીવનસાધના વિશે ખાઈખપૂસીને જ શો !
વલણ-વૃત્તિ ને દૃષ્ટિ શું ધ્યેયાકાર લાગી છે !
લઢણ ભક્તિની એવી શી અગ્નિ જેવી સ્ફુરી છે !

□

નિરાંત, શાંતિ, સંપૂર્ણ તાટસ્થ્ય ને પ્રસન્નતા,
સાધનાભ્યાસના ઊંડા સેવનમાંથી તે ફળ્યાં;
ભૂમિકા પરથી એવો સાધનાભ્યાસ જે થતો,
મઝા, આનંદ શાં તેનાં, જાણે આકાશમાં ઊડ્યો !

हरि પોતે બધું જે તે છતાં તેવો ન તે જ છે,
જુએ છે તે બધાંનેયે છતાં એને ન કો જુએ;
આપણામાં हरि શો તે પ્રત્યક્ષ છે છતાંય તે
-આપણાથી ન દેખાતો, શો ચમત્કાર ભવ્ય તે !
છતાં ભક્તિ થતાં પોતે પાછો પ્રત્યક્ષ શો છતો !
એવો ભક્તિતણો મોટો ચમત્કાર ખરેખરો.

□

શ્રીસદ્‌ગુરુની શી સૂક્ષ્મ ને કળાત્મક દૃષ્ટિ છે !
એકની એક દૃષ્ટિનાં જુદાં શાં પરિણામ છે !
કોઈકને શી તે દૃષ્ટિ આંસુ પડાવતી જ છે !
કોઈકને શી તે દૃષ્ટિ ઉન્માદથી નચાવશે !
અપરંપાર સંતોષ અંતરે કેટલાંકને
-શ્રીસદ્‌ગુરુની દૃષ્ટિથી પ્રાપ્ત થતો જ હોય છે;
જેવી જેવી ભૂમિકા છે તેવું ત્યાં પરિણામ છે,
ભક્તને તેવી દૃષ્ટિનો નિજાનંદ અપાર છે.

□

અવજ્ઞા કોઈ છોને જે તેના પરત્વ દાખવે,
છતાં ઉદાર દૃષ્ટિથી સર્વનું એ નિભાવી લે;
વિચાર સરખોયે તે કરે છે ના ભૂલેચૂકે,
એવો हरि કૃપાવંતો સંસારે સર્વનો શું છે !

શ્રીહરિ પર સંપૂર્ણ વિશ્વાસ શો ધરાવીને !
હરિને મોખરે ધારી ચલાવ્યો વ્યવહાર છે;
જીવનપંથમાં મારું ચાલ્યું છે ટટ્ટુ કેવું તે !
કશું અટકી પડ્યું ના છે, ચાલ્યું છે બધું યોગ્ય તે.

□

આનંદે હરિને જેણે વણી જીવનમાં લીધો,
બધા તેવાતણું જુદું જુદું જીવન હોય શું !
તોળવા ન્યાય તેનો તો બુદ્ધિની યોગ્યતા ન છે,
બુદ્ધિમાં ભક્તિ સંપૂર્ણ હોતાં, પછી શી યોગ્ય છે !
-શા શા બુદ્ધિ વિશે ત્યારે તો ફેરફાર થાય છે !
- લાગે અગમ્ય છે, તોયે પ્રજ્ઞા શી જાણી જાય છે !

□

તપાવે છે, છતાં કિંતુ દે શી શીતળતા હૃદે !
કદીક કારમી કેવી કસોટી કરતો કસી !
પરીક્ષા તાવણીમાંથી પાસ નીકળવું થઈ,
ભાગ્યે જ વિરલો, વીર, પસાર થાય એ થકી.
હરિ ના કોઈને તાવે, પરીક્ષા પણ ના કરે,
તે તે કાળે ખરે તેવું લાગે તે તે બધાંયને.

અપરંપાર મોટામાં મોટો શો એકલો હરિ !
એની મર્દાનગી તોલે આવી શકે ન કોઈની
શાં પરાક્રમ ને ધૈર્ય, હામ, શક્તિ અપાર છે !
હરિનો આશરો જેને મળ્યો, તે આરપાર છે.

□

તે કોઈ કોઈને કેવો નિમિત્ત તો બનાવીને,
જીવને સંકળાવીને જેમાં તેમાં ભળાવી દે;
એકમેક રસાવે છે જુદાપણું મિટાવીને,
થતાં નિમિત્ત પૂરું જ્યાં, ક્યાંયના ક્યાંય દૂર તે.

□

હરિની ચોટ લાગંતાં હરિ શો દિલમાં રમે !
હરિની ચોટનો જુસ્સો રોમરોમે ચઢેલ છે;
અણુ અણુ મહીં રેલો પ્રેમનો શો વહેલ છે !
અણુ અણુ શું ખેલે છે પ્રેમનો રાસ અંતરે !

હરિને શોધવા જ્યાં ત્યાં ભાળ કાઢયાં કરેલ છે,
ખોળતાં ખોળતાં એનો ભાવ ગાઢો રહેલ છે;
આખરે અંતરે ભાળ એની ઓચિંતી લાગી છે,
પછીથી તો પીછો કેવો પકડી પકડી જીવું !

□

રમવું ખેલવું ભાવે, જીવવું હરિમાં ઊંડું,
હરિ વિનાનું તો મીંડા જેવું જીવન સર્વ શું !
એકડા વિણ ક્યાંથી તો બીજો આંક થઈ શકે !
એકડે એક તો મુખ્ય જેમાં તેમાં બધે ખરે.

□

હંમેશ હરિનું ધ્યાન સંસારવ્યવહારમાં,
હેતુપૂર્વક ધારીને વર્તવાનું કર્યું સદા;
હરિને ના વિસાર્યો છે સુખે દુઃખે કદી જરા,
ખરેખરો વિસામો છે હરિ જીવનમાં સદા.

ઓચિંતી પ્રેરણા કેવી અંતરે ફૂટી નીકળી !
પ્રેરણાએ કર્યો પ્રેર્યાં શ્રેય પંથે ચઢી મથી.
પ્રેમથી એનું માની યથાયોગ્ય કર્યાં કર્યું,
આડા શા પ્‌હાડ આવ્યા ને ખંચકાઈ જવું પડ્યું.
શી મથામણ થૈ છે ને પછડાટો શી ખાધી છે !
છતાં મથવું મૂક્યું ના, અંતે રાગે પડાયું છે.

□

ઊંચે ઊંચે ચઢાઈને કદીક કેવું તો નીચે
-પછડાવાનું ભારે તો થયું કચ્ચરઘાણ છે !
ત્યારે ખરેખરું હૈયે ખંચકાઈ જવાયું છે;
એવી તે કારમી વેળા હરિએ સ્‌હાય પ્રેરી છે;
તો જ ઊભો ફરીથી હું થઈ શક્યો મેદાન તે
-શો સમરાંગણે પાછો લડવા કટિબદ્ધ જે !

□

અજાણ્યે કેટલી વાર પછડાઈ પડી ગયો,
ઊઠતાં વાર તો ટેકો લેવો મારે પડેલ છે;
પડવું, ઊઠવું એવો ક્રમ નૈસર્ગિક જગે,
અપવાદ ન એમાં છે ર્‌હેવાયું શાંત તેથી છે.
જીવને એકલું માત્ર મથ્યાં કરવું જાણ્યું છે,
કાળ મથ્યા વિનાનો તે કદી ગાળ્યો ન છે ભૂલે.

અમૂંઝણ બહુ ભારે કેટલી વાર થૈ શી છે !
અસ્વસ્થતાતણો પાર ન્હોતો ક્યારેય અંતરે;
છતાં ચેતેલ તેવાએ થવાનું નવ છોડ્યું છે,
નિત્ય મથતાં ર્‌હેવાથી જીવનામૃત સ્પર્શ્યું છે.

□

સંસારમાં રહી ભાવે હરિને ભજવો હૃદે
-મુશ્કેલ અઘરું કર્મ દોહ્યલું તે ખરેખરું,
કિંતુ જ્યાં સ્વાર્થ લાગે છે, ગમે તેટલું છો ભલે
-મુશ્કેલ, દોહ્યલું હો તે, છતાં ત્યાંથી મળે પથ.

□

લાગ્યું સાધન જે હાથે પ્રેમે વળગી તેહને,
એકધારું ચલાવીને એકીટશે જ તે વિશે
-મનાદિને લગાડીને એકલામાં જ ખંતથી
-ઉદ્યમે પ્રેમભક્તિથી પરોવાયું શું લક્ષથી !

કૂદમ્‌કૂદા મનાદિએ કેવી ભારે મચાવી છે !
છતાનું ઊંધું સંપૂર્ણ કરી નાખેલ સાવ છે.
તેય જોવાતણી આંખો આપી કૃપાથી મુજને,
તેથી જોઈ શકાયું છે નુકસાન થયેલ જે.
તેથી ચેતી જવાયું છે, મુખ ફરી ગયેલ છે,
હવે ઊર્ધ્વની શી લાગી લગની ઉત્કટ અંતરે !

□

પ્રકૃતિ બદલાવાનું આપમેળે કરે ન તે,
ઊર્ધ્વ પ્રકારનું જોશ જ્યાં બળવંત થાય છે,
ત્યારે પ્રકૃતિનો કેવો કાબૂ ઢીલો થતો તદા !
કેમ કે ભાવની પાસે એનું ચાલે કશું ન ત્યાં,
સામ્રાજ્ય ભાવનું જ્યારે જીવને પ્રગટેલ છે,
મેળે પ્રકૃતિ ત્યાં ગૌણ લાચાર બની જાય છે.

□

કાળની માગની રીતે સામાન્ય વર્તતા જગે,
કાળ ઓળંગીને કોઈ ભાગ્યે જ વર્તનાર છે;
ઉભયે છે સમાયેલું સાચું ને ખોટું કાળમાં,
પરંતુ કાળમાં ભાવે હરિને જે ભજે, ખરા.
તેવાને પછી તો માત્ર ભાવ જીવનમાં રહે,
પ્રકૃતિ-ગુણ ના રહે છે જ્યાં અગ્નિસમ ભાવ છે.

'જીવને જીવવાનું છે નિશ્ચયાત્મક તો કશું,'
મનાદિમાં પૂરી રીતે સંપૂર્ણ સિદ્ધ થૈ શક્યું,
તેથી મનાદિ મેળે શાં પદામૃત વિશે ઢળ્યાં,
જાગતાં ભાવ, રંગાવા લાગ્યાં કેવાં પછીથી શાં !

□

હરિની મોહમાયામાં મનાદિ જ્યાં ગળેલ છે,
ત્યારે ભક્તિ શી મોરે છે મસ્તી એની શી ઓર છે !
મનાદિ ના મનાદિ છે ત્યારે, તે પ્રભુભાવને
-વહેવા અર્થનો કેવો અનોખો પટ જીવને !

□

અંતરે જોઈને મુગ્ધ સહજમેળ થાય તે,
તે ને મનાદિ બંનેયે શાં એકાકાર થાય છે !
સમગ્રતાથી સંપૂર્ણ તેને જીરવવા હૃદે,
મનાદિતણી તાકાત સંપૂર્ણ, નવ પક્વ છે,
સંપૂર્ણ ભક્તિમાં પૂર્ણ જ્યારે બની જવાય છે,
ત્યારે સમગ્રતાનાં શાં એને દર્શન થાય છે !

આધારમાં જુદું જુદું કેટલું બધું હોય છે !
પ્રાકૃતિક બધા ગુણધર્મ શા તેમના જ છે !
છતાં તે કેટલા કેવા વિરોધાત્મક ઊર્ધ્વથી !
હરિની ભક્તિમાં પૂર્ણ સેવાતાં, લીન થાય શા !

□

આઘાત કારમો ભારે લાગેલો શો ભયંકર !
મૂઢતા કેવી આવેલી ! થયાં મનાદિ શાં મૂઢ !
વિચારવાનું કૈંયે ના બન્યું તે વેળ મુજથી,
દિલ હચમચાવીને પ્રચંડ શા જગાડવા !
-કેટલી મ્હેર એની તે બેઠો જગાડીને કર્યો,
કરી બેઠો જ ના માત્ર માર્ગમાં કિંતુ પ્રેરિયો.
કર્તવ્યે

□

મનાદિને હરિમાં શાં પલાળ્યાં નિત્ય નિત્ય છે !
ભાવથી મુગ્ધ ને સ્નિગ્ધ, આકર્ષાયાં કરેલ છે,
એકલા એકનું ભાવે ચિંત્વન એકધારું તે
-પ્રેમભક્તિ ભર્યા સ્નેહે કેવું થયાં ગયેલ છે !

પ્રાકૃતિક મનાદિનો જે ગુણધર્મ હોય છે,
એની મેળે ત્યજાતો ના ગમે તેવાય યત્નયે;
ભક્તિ પાંગરતાં હૈયે આધારે રોમ રોમયે,
પ્રાકૃતિક મનાદિના વિલીન ગુણધર્મ છે.

□

મ્હાલતાં, મ્હાલતાં મ્હાલ્યાં, કેવાં મનાદિ મસ્ત તે !
ચસકો મ્હાલવાકેરો જેને ભારે ચઢેલ છે;
એમાંથી હઠવું પાછું મનાદિને ગમે ન છે,
કશાનો આંચકો કિંતુ ભારે લાગ્યો અચાનકે,
ત્યારે થોભી વિચાર્યું છે કર્મ પરંપરા વિશે,
કૃપાથી ભાન ઓચિંતું લાગવાથી, ઢળ્યો પદે.

□

હરિમાં ચિત્ત ચોંટેલું ભક્તિ અભ્યાસથી કરી
-છટકી જાય ના કેમે ચોંટેલી વજ્ર પેર શી !
જ્યારે પરંતુ ચોંટેલું સંપૂર્ણતા ભર્યા રસે,
તો તો મનાદિ સંપૂર્ણ રસે કેવાં રસાય છે !

હરિમાં દિલ સંપૂર્ણ જેનું પૂરેપૂરું જ છે,
તેનાં મનાદિ તો કેવાં એકાગ્ર રમતાં પદે !
હરિને છોડીને ક્યાંયે કૈં ના જવાનું દિલ છે,
ચોંટાયું ત્યાંથી તો હાવાં ઊખડી ના શકાય છે.

□

'હરિનો ભાવ' તે માત્ર સાચું જીવન જાણ્યું છે,
મહત્ત્વ ભાવને નિત્યે તેથી આપ્યાં કરેલ છે;
કર્મ જે કરવાનાં સૌ આવ્યાં જીવનને વિશે,
પ્રભુપ્રીત્યર્થ તે તે સૌ કરાયાં શાં કૃપાથી છે !

□

હરિઃૐ

# ખંડ ૭ : તપશ્ચર્યા

(અનુષ્ટુપ)

જતાં ત્યાં પામવા એને શું શું ભોગવવું પડ્યું !
યાદ તે કરવાનું તો જરાયે ગમતું ન છે;
લાગેલી લગની હોતાં સહજ યત્ન થાય છે,
પડેલું કરવું ત્યાં ના, થયાં કેવું ગયેલ છે !

હરિમાં જીવવું ભાવે ઉત્તમોત્તમ કર્મ તે,
હરિની ભક્તિ લાગ્યાથી, થવું તે તેમ શક્ય છે;
હરિમાં પ્રીત મંડાતાં કેટકેટલી બધી
-તપશ્ચર્યા થયેલી તે, થયું તે સૌ કૃપા થકી.

□

જામતાં જામતાં કેવો દમ શો નીકળેલ છે !
તપશ્ચર્યા વિના કાંઈ કશું ના મેળવાય છે;
હરિને ભજવું ભાવે નિરંતરે શું અંતરે !
અગ્નિના જેવી જિજ્ઞાસા તે કાજે શી જરૂરી છે !

□

હરિને પંથ જાવાનો પાકો નિશ્ચય જ્યાં થયો,
કંઈક ચાલતાં કેવો વ્યાપ્યો'તો હર્ષ દિલ શો !
કિંતુ કાળ જતાં થોડો ભારે શી ઓટ આવી છે !
ત્યાં ટકી ર્‌હેવું મુશ્કેલ, ગબડ્યો છું કૈં વેળ તે.
કિંતુ જ્યાં મોં ગયેલું છે ફરી ચહી હરિ ભણી,
ફરતાં બીજી બાજુમાં, વળતાં પાછું વાર શી !

હરિમાર્ગે જવા કાજે મોટો શત્રુ પ્રમાદ છે,
ગતિ થવા જતાં કેવો તે અટકાવનાર છે !
પ્રમાદ જ્યાં છીએ ત્યાંના ત્યાં જ સ્થિર રખાવશે,
જેને પ્રમાદ છે, તેવા પ્રગતિ કરી ના શકે.
ઠેરના ઠેર ત્યાં રહે.

□

હરિમાર્ગે જતાં કેવું અહં વચ્ચે નડ્યાં કરે !
છતાં પાછું અહં કેવું તેમાં મદદગાર છે !
અહં શત્રુ અને મિત્ર, અહંને જે રીતે તમે
-વાપરો, તે રીતે આપે કામ તેવું, ખરું ખરે;
અહંને સારું, ખોટું ના, ગતિ તે આપનાર છે,
જેવું ચાલો તમો પોતે તેમાં તે ગતિ પ્રેરશે.

□

હરણફાળના જેવી ફલાંગો મારી મારીને,
પહોંચવા નિર્ધારેલા ઠામે, યત્ન થયેલ છે;
કૂદતાં, ઊડતાં પંથે શો અઢળક થાક જે,
-છે ભયંકર લાગેલો, પડી રહ્યો હરિપદે.

એને મેં ખોળવા શા શા કૈં ભગીરથ યત્ન તે
-કરેલા મરણિયા ભારે જોખમો કૈંક ખેડીને;
કદીક શો ઘવાયો છું ! હેરાન કૈં થયેલ છું,
માથે હાથ દઈ બેઠો સાવ નિરાશ થૈ જ હું;
ત્યારે તેં ઓલિયાને શો ઓચિંતો મોકલી અને
-હાથ ઝાલી ઊંચે ખેંચી, હર્ષિત શો કર્યો મને !

□

મુશ્કેલી જીવને પંથે આવવાની જ નિશ્ચયે,
છતાં પંથે ટકી ર્‌હેવું મક્કમતાથી ધીરજે;
કદીક હાલી સંપૂર્ણ જવાતું, છે છતાંય તે
-'પગ પૃથ્વીથી છૂટયા ના,' એટલી હરિ સ્‌હાય છે.

□

હરિને એકલો મોટો સંપૂર્ણ મેં પૂરી રીતે
-જાણીને અંતરે ઊંડે, જાણ્યો વ્યાપેલ છે બધે;
ખોળી ખોળી, બહુ થાક્યો ક્યાંયે છેડો મળ્યો ન છે,
આખરે રામના નામે ઠેકાણું સૌ પડેલું છે.

ધ્યેયનું જોર ને જુસ્સો, ઉત્સાહ, ખંત, ઉદ્યમ,
ધક્કેલીને મને કેવો જેણે, દડાવિયો પથ !
કદીક ખૂબ થાક્યો છું, હાંફ્યો શો હું કદીક છું !
પ્રાર્થતાં, મથતાં ખૂબ પાછું જોશ શું ઊમટ્યું !

□

વાંધા ને વચકા ઉગ્ર હરિના પંથમાં મળે,
વચ્ચે કદીક તો કેવા કકડભૂસ થવાય છે !
ઊઠવાની નથી હોંશ, નાસીપાસ થવાય છે,
છતાંયે મથતાં, હૈયે પ્રાર્થતાં, હામ શી ફૂટે !

□

કર્યું આથડવું જ્યાં ત્યાં કૈં નિશાન વિનાનું તે,
કાંટા ને ઝાંખરાં વાગ્યાં, શું રખડ્યા કરેલ છે !
શો કંટાળો કૃપા હોતાં ઊપજ્યો ના કર્મ વિશે !
હરિના વિણ તો શાંતિ સાંપડવી ન સ્હેલ છે.

આરંભમાં શૂરો કેવો ઉત્સાહથી ભર્યો હતો !
મોળો ઉત્સાહ કિંતુ શો ધીરો તે પડતો ગયો !
કિંતુ લગની લાગેલી ઉત્કટ દિલ જે મને
વારંવાર મને તેણે દડાવ્યો છે ઉઠાડીને.

□

રખડ્યાં કરવું જ્યાં ત્યાં જેનો ધંધો જ તે ખરે,
એવો ચેતી ગયો એ તો શો ચમત્કાર દિવ્ય છે !
हरि નિજ કરુણાથી નરકાગારથી મને
-ઊંચકી લઈને ઊંચે દીધો છે શો મૂકી પદે !

□

જાણીબૂજી કદીયે મેં આડું તેડું કરેલ ના,
ઊંડા ઊંડા હૃદે ઊંડા ભાવે સ્મરેલ દિલમાં;
સાતત્ય યોગ તો કેવો ચાલેલ મુજ જીવને !
એથી કરી હૃદે ઊંડું નવું સત્ય જણાયું છે.

સંસારના લબાચામાં ક્યાં સુધી પડ્યાં રહી,
લાડવો મેળવ્યો શો ? જે કૃપાથી લક્ષ લો ચહી;
પ્રભુને ભજવાથી તો જોઈતું મળતું સહી,
ગપ્પાં છે આ ન તે માત્ર, તેનો સાક્ષી હું જીવતો;
શાં કેટકેટલાં કામ એની કૃપાથી તો થયાં
-મુજ જેવા નમાલાથી કામ તે શક્ય ના થવાં !

□

હરિમાં જીવવાનું છે જેને હરિથી હેત છે,
તેવાને તે સહેલું છે બાકીનાંને અપથ્ય તે;
નિરંતરે હરિનામાં જેનું લક્ષ અપાર છે,
તેવા માત્ર હરિનાથી ધન્ય ધન્ય થયેલ છે.

□

સાધનો શાં જુદાં જુદાં શિખવાડ્યાં હૃદે મને !
શાં કેટલાંક તેમાંનાં ગૂઢ, ગહન, સૂક્ષ્મ તે !
અકથ્ય વાણીથી કેવાં ! માત્ર આચરવાથી તે
-પ્રેમભક્તિતણા ભાવે, ત્યારે સાર પમાય છે.

મદદ હરિની તોલે કોઈની આવી ના શકે,
એ જેવી સ્‌હાય પ્રેરે છે, શો અદ્‌ભુત પ્રકાર તે !
કેવા કદીક સંગ્રામ ભયંકર ખરેખરા
-ભારે શા આવતા ! ત્યારે એની સ્‌હાયે ટકાયું છે !
એણે શી સ્‌હાય પ્રેરી છે !

□

ભજતાં ભજતાં ભાવે હરિની સાથ દિલમાં
-જીવતો ગાઢ સંબંધ બંધાયેલો કૃપાથી ત્યાં;
ઢીલો, મોળો કદી ક્યાંયે સંબંધ પડતો નથી,
અમર્યાદ અને કેવો નર્યા અખંડ ભાવથી !

□

શા એકાકાર સંપૂર્ણ હરિભાવે નિરંતરે !
તેવા જ માત્ર શા મસ્ત અંતરે હરિમાં રમે !
હરિ વિનાનું કોઈયે એને ના નજરે પડે,
હરિના એકલાના તે ચિંત્‌વને એકતાર છે.

હરિની સામું જોઈને જીવને વર્તવાનું છે,
રાજી થાય હરિ જેમ તેમ તે કરવાનું છે;
પ્રસન્નતા હરિની છે જેમ જે રીત જીવને,
તે રીતે યોગ્ય વર્તીને તેમ, હું શરણે પદે.

□

ભુલાય શી રીતે એને હવે તો કોઈ રીતથી !
વળગેલો ન છૂટે છે, બંધાયેલ રહે ચહી;
થવાનું વેગળું સ્હેજે રુચતું ના લગાર છે,
ભેરવાઈ પડ્યો કેવો એના વિશે નિરંતરે !
છૂટ્યો તે ન છૂટે છે, નાસી છુટાય ના કદી,
એવો શો રંગ લાગ્યાથી મોહાઈ ત્યાં પડાયું છે.

□

ભરોસો દિલ સંપૂર્ણ શ્રીહરિ પર ધારીને,
જે તે બધું ચલાવ્યું છે સંસારનું બધુંય જે;
ઘસારાબંધ તો ભાવ શો પ્રવર્તેલ જીવને,
અશક્ય કર્મ, એવાં શાં એણે કરાવિયાં જ છે !

મુશ્કેલી આવતાં કેવો દોડી જતો હરિ કને !
ચિંતા, ફિકર, ઉપાધિ મૂકી દેતો હરિપદે;
ધંધો-ધાપાતણો જે તે વ્યવહાર બધો જગે,
પ્રથમ સૌ સ્મરી ભાવે સૌ કરવાનું રાખ્યું છે.

□

હરિમાં રાખતાં ચિત્ત શા શા યત્ન કરેલ છે !
ગણાવ્યે પાર ના આવે ધાડ એમાં ન મારી છે;
ચાહવાનો ઊંડો છંદ લાગ્યો મને હૃદે હતો,
તેથી પાછળ તેની તો આપમેળે પડાયું શું !

□

હરિને એકલાને મેં અંતરે સંઘરેલ છે,
કેમે કર્યો હવે પોતે ખસી શકે ન એમ છે;
આધારે રોમે રોમે શો હરિ કેવો રમ્યા કરે !
લીલા અદ્‌ભુત નિહાળી આનંદ વ્યાપી જાય છે.

હરિમાં લક્ષ જેનું છે, તેને સંસાર ગૌણ છે,
આઠે પ્રહર એનામાં રમતો છે હરિ બધે;
સંસારનાં કરે કર્મ તેમાં ઊણપ ના કશે,
પરંતુ મોખરે સૌની તેને શ્રીહરિ અંતરે.

□

તેજસ્વિતા વળી કાંતિ અવર્ણનીય કેવી તે
-ઐશ્વર્યયુક્ત સંપૂર્ણ ! તેવું વ્યક્ત કરે ન તે;
પોતે પોતા વિશે પૂર્ણ છતાં તેવો ન લાગતો,
બુદ્ધિમાં ચઢિયાતો શો ! જણાતો ના છતાં કશો.

□

હરિ સભાનતા વિશે જીવન જીવવાનું જે,
તેવા જીવનમાં કેવાં ખુમારી ને ટટારી છે !
શક્તિ જીવનમાં લાગે, મુશ્કેલીની ખરી પળે
-મર્દાનગીથી શો ભારે સામનો તે કરી ટકે !

હરિ સભાનતા વિશે જીવન જીવવાનું જે,
તેમાં સંપૂર્ણતાથી તો ભાવે દૃઢ થવાયું છે;
સંસારનું બધું ત્યારે સ્વરૂપ પલટાયેલું
-લાગે અનુભવીને તો, દૃષ્ટિ શી ઊલટાયેલી !

□

હરિ તો કોઈની સાથે સંબંધ બાંધતો ન છે,
સર્વત્ર શો નિરાળો છે ! કોઈ સાથે ન નિસ્બતે;
જેમાં તેમાં બધાંમાં છે, છતાં અસ્પૃશ્ય સાવ છે,
બધાંથી અળગો શો તે વળી બધાં વિશે જ છે !

□

અંતરે ભાન સંપૂર્ણ હરિનું ઊંડું ધારીને,
હરિસભાનતા ત્યારે જીવંત શી થયેલ છે !
મનાદિ હરિમાં કેવાં એકરાગ થયેલ છે !
હરિનો છંદ સંપૂર્ણ મનાદિને થયેલ છે.

हरिने ગુણ કોઈ ના, કહેવાય તેથી નિર્ગુણ,
एनामां શા છતાં ગુણો નર્યા શક્તિભર્યા ખૂબ !
પ્રાકૃતિક ગુણોથી તે ચઢિયાતા ખરેખરા,
સરખામણી બેઉની કદાપિ થવી શક્ય ના.

□

एनो સાકાર સંપૂર્ણ, નિરાકાર છતાં વળી,
વળી પાછો ન બેઉ તે, નિરાળો તે શું રૂપથી !
ભાવથી !
છતાં જ્યાં સ્પર્શ પ્રત્યક્ષ, હૈયે અનુભવાય છે,
હોવા છતાં ન વર્તાયે, ભક્તને તે ન તેમ છે.

□

શાં અનંત સ્વરૂપો છે ! પ્રત્યેક રૂપ નોખું છે,
જુદાં જુદાં જ કર્તવ્યો જુદાં પ્રત્યેકનાં જ છે;
જેની છે ભક્તિ જેનામાં તેને તે તે સ્વરૂપનું
-દર્શન કેવું પ્રત્યક્ષ કૃપાથી હોય છે થતું.

હરિ આકાશનો જુદો, જુદો શો તેજનોય તે !
જુદો વાયુ તણો પાછો, જળ, પૃથ્વીતણો જુદો;
સ્થળ ને કાળ, સંજોગો પ્રમાણેનો જુદો જુદો,
છતાં નિજ મૂળે પોતે એકનો એક નિત્ય છે.
ફેરફાર વિના જ છે.

□

હરિને યાદ હાવાં ના કરવાનું રહેલું છે,
એ તો શો એની મેળે તે ઝળક્યાં જ કરે હૃદે !
સ્વાભાવિક શી પ્રક્રિયા સ્વયંમેળ બનેલ છે !
કિંતુ તે કાજ તો કેવી તપશ્ચર્યા થયેલ છે !

□

સંભારવાનું તો એને હવે દિલ રહ્યું ન છે,
સ્વભાવ સહજે વર્તે એવો બની ગયેલ છે;
છે શ્વાસોચ્છ્‌વાસ પેરે તે સહજ સ્મરવું થતું,
કૃપાની શક્તિની એ તો પ્રત્યક્ષ બલિહારી શી !

□

હરિની યાદગીરીમાં બાદશાહી સમાઈ છે,
હરિની યાદગીરીમાં આખું બ્રહ્માંડ શૂન્ય છે;
હરિની યાદગીરીમાં ભાવ-સમગ્રતા શી છે !
હરિની યાદગીરીમાં અસ્તિત્વ ગળી જાય છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.